અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ નવેમ્બર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૧૧૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કમોસમી વરસાદના કારણે વધ્યા ભાવ — શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ ટકાનો વધારો નોંધાયો

## માવઠા બાદ મોંઘવારીનો માર, શાકભાજીના ભાવમાં વધારો

। અમદાવાદ, તા.૨૮ ।

માવઠા બાદ મોંઘવારીમાં વધારો થયો છે. માવઠા અને લગ્નસરાની સીઝનના કારણે શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો છે. હોલસેલ માર્કેટમાં શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ થી ૪૦ ટકાનો વધારો થયો હતો. બે દિવસ અગાઉ પડેલા કમોસમી વરસાદ અને લગ્નસરાની સીઝન અગાઉ શાકભાજીના ભાવમાં વધારો થયો હતો. શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. બે દિવસના કમોસમી વરસાદથી પહેલા ખેડૂતોનું તો હવે ગૃહિણીઓનું રસોઈનું બજેટ ખોરવાઈ ગયું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદથી પાપડી, વટાણા, ભીંડા સહિતની શાકભાજીની વાડીઓમાં પાણી ભરાતા ભારે નુક્સાન થયું છે. દક્ષિણ ગુજરાતની જેમ જ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો મહત્તમ ભાગ માવઠાનો શિકાર બનતા તુવેર, ગુવાર, ટામેટાના છોડ અને દૂધી, કાકડીના વેલાઓને ભારે નુક્સાન થયું છે. સ્વાભાવિક રીતે આ નુકસાનની અસર બજારોમાં પણ જોવા મળવા લાગી છે. રાજ્યમાં પાકતા શાકભાજીના ભાવમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે શાકભાજીમાં જીવાત પકડવાની શક્યતા રહેલી છે અને નાના છોડ અને વેલાઓ કોહવાઈ જાય તેવી શક્યતા રહેલી છે. હોલસેલ માર્કેટમાં ૩૦ રૂપિયાના ભાવે વહેંચાતા ટામેટા ૪૦ સુધી તો ૩૫ રૂપિયાના ભાવે વેચાતા રિંગણ, વટાણા, તુવેરના ભાવ વધીને ૪૫ સુધી પહોંચવાની શક્યતા છે. હાલમાં શાકભાજીના ભાવ શું છે તેના પર નજર કરીએ તો પાલક ૮૦, આદુ ૧૬૦, મેથી ૧૦૦, ટામેટા ૬૦થી ૭૦, રીંગણ ૮૦, ભીંડા ૮૦, કોબીઝ ૬૦, ગવાર ૧૦૦, ફ્લાવર ૬૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે.

### બે દિવસના કમોસમી વરસાદથી પહેલા ખેડૂતોનું તો હવે ગૃહિણીઓનું રસોઈનું બજેટ ખોરવાઇ ગયું



સિંગતેલના ભાવમાં ૫૦ રૂપિયા સુધીનો વધારો થયો છે. મગફળીનો પાક તો અગાઉ તૈયાર થઈ ગયો છે અને અંદાજીત ૪૦ લાખ ટન પાકનો અંદાજ સરકારે જાહેર કર્યો છે. ૨૦ તારીખે સિંગતેલનો ભાવ ૨૬૩૫-૨૬૮૫ની નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. પરંતુ ૨૬ તારીખ મહત્તમ ભાવ ૨૭૩૫ સુધી પહોચ્યો પરંતુ ગઈકાલે ભાવ ૨૭૩૫-૨૭૮૫નો રહ્યો હતો.જો કે કપાસિયા તેલના ભાવ હાલ સ્થિર જોવા મળી રહ્યા છે. તહેવારો બાદ પણ સોનાના ભાવમાં વધારો યથાવત છે. અમદાવાદમાં પ્રતિ દસ ગ્રામ સોનાનો ભાવ ૬૪ હજાર પર પહોચ્યો હતો. નવા સપ્તાહના પ્રથમ દિવસે જ અમદાવાદમાં ગોલ્ડના ભાવમાં ૫૦૦ રૂપિયાનો ઉછાળો આવ્યો હતો. વૈશ્વિક બજારમાં છ મહિનાની ટોચ તથા સ્થાનિકમાં ડોલર સામે રૂપિયામાં નરમાઈએ કારણે સોનાના ભાવમાં વધારો થયો હતો. નવા વર્ષની શરૂઆતથી લઇને અત્યાર સુધીમાં ગોલ્ડના ભાવમાં એક હજાર ૨૦૦નો વધારો જોવા મળ્યો છે.

### ન્યૂઝ બ્રિફ

#### ઈમરાન ખાન ઘણા કેસમાં દોષિત હોવાથી જેલમાં છે



। ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ પર ચૂંટણી પંચે કહ્યું છે કે, ઈમરાન કોઈ કારણ વિના કેદી નથી, પરંતુ તે જેલમાં એટલા માટે છે કારણ કે તે જુદા-જુદા કેસમાં આરોપી છે. ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાન ખાન ૨૬ સપ્ટેમ્બરથી અલગ-અલગ કેસને લઈ જેલમાં કેદ છે અને રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે.

#### અમેરિકામાં ઘૂસણખોરીની સમસ્યા ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનશે

। વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકામાં ઘૂસણખોરોનો મુદ્દો રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાં ફરી એક વખત ઘૂસણખોરીની સમસ્યા મુખ્ય મુદ્દો બને તેવા ભણકારા વાગી રહ્યા છે. રિપબ્લિકન પાર્ટી વતી ફરી ચૂંટણી લડવા માટે થનગની રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે ઘૂસણખોરો સામે આકરુ વલણ અપનાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પ જ્યારે અમેરિકાના પ્રમુખ હતા ત્યારે તેમણે ગેરકાયદે રીતે અમેરિકા આવતા લોકો સામે લાલ આંખ કરી હતી.

### આ પહેલાં ૨૦૧૯માં રજૂ થયું હતું

## ૧ ફેબ્રુઆરીના રોજ સરકાર રજૂ કરશે વચગાળાનું બજેટ

### ચૂંટણી બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફરીથી ભાજપની સરકાર રચાયા બાદ ૫ જુલાઈએ સંપૂર્ણ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું

। નવી દિલ્હી, તા.૨૮ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વચગાળાનું બજેટ રજૂ કરશે. જોકે, સરકારે આ અંગે કોઈ ઔપચારિક જાહેરાત કરી નથી. પરંતુ સામાન્ય રીતે, જે વર્ષમાં લોકસભાની ચૂંટણી યોજાય છે, તે વર્ષમાં વર્તમાન સરકાર ૧ ફેબ્રુઆરીના રોજ વચગાળાનું બજેટ રજૂ કરે છે. તેમજ ચૂંટણીના પરિણામો બાદ નવી સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરે છે.




જણાવી દઈએ કે, અગાઉ વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. ત્યારે આ દરમિયાન કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ૧ ફેબ્રુઆરીના રોજ વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. કારણ કે તત્કાલિન નાણામંત્રી અરુણ જેટલી સારવાર અર્થે વિદેશ ગયા હતા. ચૂંટણી બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફરીથી ભાજપની સરકાર રચાયા બાદ ૫ જુલાઈએ સંપૂર્ણ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. વચગાળાના બજેટ દ્વારા સંપૂર્ણ બજેટ પાસ ન થાય, ત્યાં સુધી સરકારના ખર્ચનું સંચાલન કરવામાં આવે છે. પરંતુ તેમાં સમગ્ર વર્ષનું ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટ સામેલ હોય છે.

### સંકુચિત માનસિકતા ન હોવી જોઈએ : કોર્ટે

## પાકિસ્તાની કલાકારોને ભારતમાં પ્રતિબંધ લગાવવાની માંગ પર સુપ્રીમ કોર્ટની ફટકાર

। નવીદિલ્લી, તા.૨૮ ।

સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી કે પાકિસ્તાની કલાકારોને ભારતમાં કલા પ્રદર્શન કે કામ કરવાની મંજુરી ન આપવી જોઈએ. જેમાં કલાકારો પર પૂર્ણ રીતે પ્રતિબંધ લગાવવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવીને ફટકાર પણ લગાવી હતી. જેમાં કોર્ટે અરજદારને કહ્યું કે આવી સંકુચિત માનસિકતા ન રાખવી જોઈએ. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસવીએન ભાટીની બેન્ચે ફૈઝ અનવર કુરેશી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. બેંચે કહ્યું કે તે બોમ્બે હાઈકોર્ટના આદેશમાં દખલ કરવા માંગતી નથી. મળતી માહિતી મુજબ, ફૈઝ અનવર કુરેશી સિને એક્ટિવિસ્ટ અને કલાકાર હોવાનો દાવો કરે છે. કોર્ટે કુરેશીને કહ્યું કે તમે વારંવાર આ અપીલનો આગ્રહ ન રાખો. તમારે આવી સંકુચિત માનસિકતા ન હોવી જોઈએ. આ પહેલા બોમ્બે હાઈકોર્ટ દ્વારા પણ પાકિસ્તાની કલાકારોને પ્રતિબંધિત કરવાની માંગને ફગાવી દેવામાં આવી હતી. આ ઉપરાંત કોર્ટે દેશભક્તિ બાબતે પણ મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે દેશભક્ત હોવાનો મતલબ એ નથી કે કોઈ વિદેશીને કે પાડોશી દેશમાંથી આવતા લોકો કે કલાકરો સાથે શત્રુતાપૂર્ણ વ્યવહાર કરવો.



### સુરંગમાં જીતી ગઈ જિંદગી

## ૧૭ દિવસ બાદ ટનલમાંથી બહાર આવશે ૪૧ મજૂરો

। ઉત્તરાખંડ, તા.૨૮ ।

ઉત્તરાખંડના ઉત્તરકાશીની સિલક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ મજૂરોને નવી જિંદગી મળશે. ૧૭ દિવસના રેસ્ક્યૂ મિશન બાદ આજે એટલે કે મંગળવારે રેટ હોલ માઈનિંગ સિસ્ટમ ૫૭ મીટર ઊંડું મેન્યુઅલ ખોદકામ કરીને ૪૧ મજૂરોને બહાર કાઢવાના પ્રયાસો પૂરજોરમાં ચાલું છે.ટનલની એકદમ નજીક તેમના પરિવારજનોને પણ બોલાવાયા હતા. જેવા મજૂરો ટનલમાંથી બહાર આવે એટલે તેને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ટનલના પ્રવેશદ્વાર પાસે ૪૧ એમ્બ્યુલન્સ પણ તહેનાત કરી દેવાઈ છે. ફસાયાના ૧૭ દિવસ બાદ બચાવ ટીમને મજૂરોને બહાર કાઢવામાં સફળતા મળી છે. ઘરવાળા પોતાના ફસાયેલા લોકોને તરત મળી શકે તે માટે તેમને ટનલની બહાર બોલાવી લેવામાં આવ્યાં હતા. ઉત્તરકાશીની સુરંગમા ફસાયેલા ૪૧ મજૂરો માટે રેટ હોલ માઈનિંગ નામની સિસ્ટમ જીવતદાન બની છે.

### બિહાર સરકારે મોટો નિર્ણય લીધો

## શાળાઓમાં જન્માષ્ટમી, રક્ષાબંધન, રામનવમી સહિત રજાઓ રદ કરી

। પટના, તા.૨૮ ।

મુસ્લિમ સમુદાયના લોકોને ખુશ કરવા માટે બિહાર સરકારે મોટો નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે વર્ષ ૨૦૨૪ માટે બિહારના ઉર્દુ અને હિંદી સરકારી શાળામાં રજાની યાદી જાહેર કરવામાં આવે છે. બિહાર સરકારે ઉર્દુ સ્કુલોમાં જુમ્માના દિવસે એટલે કે શુક્રવારે સાપ્તાહિક રજા જાહેર કરી દીધી છે. આ સાથે જ નીતીશ કુમારે જન્માષ્ટમી, રામનવમી, મહાશિવરાત્રિ, રક્ષાબંધન, ત્રીજ, જીતિયા જેવા ઘણા તહેવારો પર રજા રદ કરી દેવાઈ છે. બિહાર સરકારના આ નિર્ણયથી બીજેપી સહિત ઘણી પાર્ટીઓએ નારાજગી વ્યક્ત કરી છે. ભાજપે કહ્યુ કે હવે નીતીશ કુમાર બિહારને ઈસ્લામિક સ્ટેટ બનાવવાની જાહેરાત પણ કરી દેશે. બિહારની ઉર્દુ શાળામાં ગણતંત્ર દિવસ, સ્વતંત્રતા દિવસ, બિહાર દિવસ, ગુડ ફ્રાઈડે, ગુરુ ગોવિંદ સિંહ જન્મ દિવસ, સંત રવિદાસ જયંતી, ભીમરાવ આંબેડકર જન્મ દિવસ, શબ એ બારાત, બુદ્ધ પૂર્ણિમા, કબીર જયંતી સ્વતંત્રતા દિવસ હજરત મોહમ્મદ સાહેબ જન્મદિવસ, દુર્ગા પૂજા (સપ્તમી), દિવાળી, ક્રિસમસ અને ચેહલ્લુમમાં માત્ર એક દિવસની રજા જાહેર કરવામાં આવી છે.






## ન્યૂઝ બ્રિફ

### ટાટા હાયર સેકન્ડરીની પરીક્ષાનું પરિણામ જાહેર

। ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટાટ હાયર સેકન્ડરીની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ૨૫૬૪ ઉમેદવારોએ ૧૪૦ થી વધુ ગુણ મેળવ્યા હતા. જ્યારે ૫૯ ઉમેદવારોએ ૧૨૦ થી વધુ ગુણ મેળવ્યા હતા. ટાટા એચએસની ૪૧૨૫૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ત્યારે પરિણામ જાહેર થતા ઉમેદવારોમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળી રહ્યો હતો. TAT હાયર સેંકન્ડરીની પરિક્ષાનું પરિણામ જાહેર, ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ૨૫૬૪ ઉમેદવારો ૧૪૦થી વધુ ગુણ મેળવ્યા, જ્યારે ૫૯ ઉમેદવારોએ ૧૨૦થી વધુ ગુણ મેળવ્યા, ટાટ એચએસની ૪૧, ૨૫૦ ઉમેદવારોએ આપી હતી.

### અમદાવાદના લાટી બજારમાં વિકરાળ આગ લાગી

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના ગીતા મંદિરમાં આગનો બનાવ... લાટી બજારમાં મોડી રાત્રે આગની ઘટના... પ્લાયવુડની દુકાનમાં આગથી અફરાતફરી મચી... ૧૫થી વધુ ફાયરની ગાડીએ આગ પર કાબૂ મેળવ્યો... સદનસીબે આગના બનાવમાં કોઈ જાનહાનિ નહીં... આગના બનાવના પગલે લાખો રૂપિયાનું નુકસાન અમદાવાદના ગીતા મંદિર સ્થિત લાટી બજારમાં મોડી રાતે આગનો બનાવ બન્યો હતો. પ્લાયવુડની દુકાનમાં આગ લાગતા અફરાતફરી સર્જાઈ હતી. જોકે, વિકરાળ આગ ઉપર કાબુ મેળવતા ફાયરબ્રિગેડને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. કોલ મળતા જ ફાયર વિભાગના ૧૫ થી વધુ વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

### રોન્ગ સાઇડ આવતી એક્ટિવાને સ્કોર્પિયોએ જોરદાર ટક્કર મારી

। રાજકોટ, તા.૨૮ ।

રાજકોટમાંથી વધુ એક મોટી હિટ એન્ડ રન એક્સિડેન્ટની ઘટના સામે આવી છે. આ અકસ્માતની ઘટનામાં સ્કોર્પિયો કાર ચાલકે એક એક્ટિવા ચાલકને ટક્કર મારી દીધી હતા, આ સમગ્ર ઘટના ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સીસીટીવીમાં કેપ્ચર થયેલા સીન પરથી જાણી શકાય છે કે, એક્ટિવા ચાલક રોડની રૉન્ગ સાઇડમાં મૉપેડ હંકારી રહ્યો હતો, અકસ્માત સર્જનારા બન્ને શહેરના ઘંટેશ્વર પાર્કમાં જ નોકરી હતી.

### ૧.૮૫ કરોડનો ધૂમાડો કરીને અમેરિકા પહોંચેલા કલોલના પરિવાર સાથે ભયાનક કાંડ થઇ ગયો

# ૩૫ દિવસમાં અમેરિકા પહોંચેલી ફેમિલીને એજન્ટ સાથે અનેકવાર મોટા ઝઘડા થયા

### પંજાબી ફેમિલી પાસેથી તેના એજન્ટે એક મેમ્બરના ૨૫ લાખ લીધા હતા, જ્યારે કનુભાઈના ગુજરાતી એજન્ટે એક મેમ્બરની ૬૦ લાખ રૂપિયાથી પણ વધુ રકમ વસૂલી હતી

। અમદાવાદ, તા.૨૮ ।

ઈલીગલી અમેરિકા જવામાં કેટલું જોખમ છે તેનાથી કોઈ અજાણ નથી, અમેરિકામાં જઈને પણ કેવી-કેવી તકલીફ અને અપમાન સહન કરવા પડે છે તે પણ ગુજરાતીઓ સારી રીતે જાણે છે. જોકે, જેમના સંબંધી કે ફેમિલીમાંથી કોઈ અમેરિકા રહેતાં હોય તે લોકો તેમનાં ભરોસે ત્યાં જવા માટે તૈયાર થઈ જતાં હોય છે અને તેના માટે લાખો રૂપિયાનો ખર્ચ પણ કરી નાખતા હોય છે. પરંતુ અમેરિકામાં પગ મૂક્યા બાદ ઘણાં લોકોની જિંદગી નર્ક બની જાય છે, અને તેમની સ્થિતિ ના ઘરના કે ના ઘાટના જેવી થાય છે. કલોલના એક સુખી-સંપન્ન ૫ રિવારે પોતાને થયેલા આવા જ એક ભયાનક અનુભવને શેર કર્યો છે, જે ગેરકાયદેસર અમેરિકા જવા માગતા કોઈપણ વ્યક્તિ કે ફેમિલી માટે ચેતવણીરૂપ છે. કલોલમાં રહેતા કનુભાઈ માર્ચ ૨૦૨૩માં પોતાના ૧૬ વર્ષના દીકરા અને પત્ની સાથે અમેરિકા જવા માટે નીકળ્યા હતા, જેના માટે તેમણે કલોલના જ એક એજન્ટ સાથે ૧.૮૫ કરોડ રૂપિયામાં ડીલ કરી હતી. એજન્ટે કનુભાઈને વાયદો કર્યો હતો કે તેમને રસ્તામાં કોઈ તકલીફ નહીં પડે, અને તેના માટે કનુભાઈએ પાંચ લાખ રૂપિયા વધારાના પણ ચૂકવ્યા હતા. જોકે, ૧૮ માર્ચના દિવસે ઈન્ડિયાથી રવાના થયેલા કનુભાઈનો ખરાબ સમય પોતાનું વતન છોડ્યાના ગણતરીના દિવસોમાં જ શરૂ થઈ ગયો હતો. કનુભાઈની ફેમિલીને એજન્ટે અમદાવાદથી પહેલા અબુધાબી અને ત્યારબાદ તુર્કી મોકલ્યું હતું. અબુધાબીમાં તેમનો માત્ર એક જ દિવસનો સ્ટે હતો, તેમની ફેમિલીને તુર્કીના બે મહિનાના ટુરિસ્ટ વિઝા મળ્યા હતા પરંતુ એજન્ટે તેમને વાયદો કર્યો હતો કે વધુમાં વધુ એકાદ અઠવાડિયામાં જ તેમને તુર્કીથી મેક્સિકો પહોંચાડી દેવામાં આવશે. કલોલનું આ ફેમિલી અમદાવાદથી રવાના થયું ત્યારે તેમને એજન્ટે ૫૦૦ અમેરિકન ડોલર અને ૨૦ હજાર યુરો કેશ આપ્યા હતા. આ ૨૦ હજાર યુરો તેમને તુર્કીમાં લેન્ડ થતાં જ ત્યાંના એજન્ટના માણસને આપી દેવાના હતા. તેમને એવું પણ શીખવવામાં આવ્યું હતું કે જો એરપોર્ટ પર કોઈ કેશને લઈને સવાલ કરે તો એવો જવાબ આપવાનો છે કે તેઓ ક્રેડિટ કાર્ડ યુઝ ના કરતા હોવાથી કેશ લઈને તુર્કી ફરવા જઈ રહ્યા છે. તુર્કી એરપોર્ટ પર કનુભાઈને ચાર સભ્યોનું એક પંજાબી ફેમિલી મળ્યું હતું, જે ૧ કરોડ રૂપિયામાં અમેરિકા જવાનું હતું. આ પંજાબી ફેમિલી પાસેથી તેના એજન્ટે એક મેમ્બરના ૨૫ લાખ લીધા હતા, જ્યારે કનુભાઈના ગુજરાતી એજન્ટે એક મેમ્બરની ૬૦ લાખ રૂપિયાથી પણ વધુ રકમ વસૂલી હતી. જોકે, એજન્ટને પાંચ લાખ વધુ આપીને અમેરિકા જવા નીકળેલા કનુભાઈને એમ હતું કે અબુધાબીની માફક તુર્કીમાં પણ તેમના રહેવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હશે, પરંતુ તુર્કીમાં લેન્ડ થયેલા કનુભાઈને એરપોર્ટથી જ્યારે એક ફ્લેટમાં લઈ જવાયા ત્યારે ત્યાંની સ્થિતિ જોઈને તેમના પરિવારના મોતિયા મરી ગયા હતા.

### CID ક્રાઈમે જાહેર કર્યો હતો લુક આઉટ સર્ક્યુલર

# જમીન પચાવી પાડનાર રાજકોટના બિલ્ડર સ્મિત કનેરિયાની અટકાયત

। રાજકોટ, તા.૨૮ ।

રાજકોટમાં કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવાના આરોપી બિલ્ડર સ્મિત કનેરિયાની અટકાયત કરવામા આવી છે. CID ક્રાઈમે બિલ્ડરની ધરપકડ માટે લુક આઉટ સર્ક્યુલર જાહેર કર્યો હતો. આ સર્ક્લુયલરના આધારે તેની મુંબઈ ઍરપોર્ટ પરથી અટકાયત કરાઈ છે. કરોડોની જમીન પચાવી પાડી અનેક લોકોનુ કરી નાખનાર રાજકોટના બિલ્ડર સ્મિત કનેરિયાની આખરે અટકાયત કરવામાં આવી છે. બિલ્ડર સામે કરોડો રૂપિયાની જમીન હડપ કરવાનો આરોપ છે. તેની વિરુદ્ધ CID ક્રાઈમે લુક આઉટ સર્ક્યુલર જાહેર કર્યો હતો. આ સર્ક્યુલરના આધારે તેની મુંબઈ ઍરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે. સ્મિત કનેરિયાને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર સમક્ષ હાજર થવાનો આદેશ કર્યો છે. સ્મિત કનેરિયાનો પાસપોર્ટ પણ જપ્ત કરી લેવામાં આવ્યો છે. કરોડોની જમીન પચાવી પાડવા સહિત નોટિરીયલ લખાણના બે પાના બદલી કોન્ટ્રાક્ટ બનાવવામાં આવ્યો હોવાનો આરોપ છે.

# અમદાવાદ-ઇન્દોર હાઇવે પર બે ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત સર્જાયો

। અમદાવાદ, તા.૨૮ ।



વહેલી સવારે એક ભયાનક અકસ્માતમાં ૨૫ લોકો ઘાયલ થવાના સામાચાર છે, અમદાવાદ-ઈન્દોર હાઈવે પર વહેલી સવારે બે ટ્રાવેલ્સ સામ સામે ટકરાઈ હતી, જેમાં ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતો, હાલમાં આ તમામ ઈજાગ્રસ્તોને અમદાવાદ અને ગોધરાની હૉસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ ઘટના હાઈવે પર ગળતેશ્વરના મેનપુરા પાસે ઘટી હતી. અકસ્માતની ઘટના એવી છે કે, વહેલી સવારે અમદાવાદ-ઈન્દોર હાઈવે પર બે ટ્રાવેલ્સ સામ સામે ટકરાઈ હતી, આ અકસ્માત અમદાવાદ-ઈન્દોર હાઈવે પર આવેલા ગળતેશ્વર તાલુકાના મેનપુરા પાસે થયો થયો હતો, આ અકસ્માતમાં ટ્રાવેલ્સમાં સવાર ૨૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત થયેલી ટ્રાવેલ્સમાં એક ટ્રાવેલ્સ ઉજ્જૈનથી પાછી ફરી રહી હતી, જેમાં અમદાવાદના નરોડાના મુસાફરો સવાર હતા, તો વળી બીજી ટ્રાવેલ્સ મુસાફરોને મધ્યપ્રદેશથી જામજોધપુર લઈ જઈ રહી હતી. લોકો કહી રહ્યાં છે કે, અકસ્માત અમદાવાદ-ઈન્દોર હાઈવે પર પડેલા મસમોટા ખાડાના કારણે સર્જાયો છે. આ સાથે જ હાઈવે ઓથોરિટીની કામગીરી પર પણ સવાલો ઉઠ્યા છે. અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરોને સ્થાનિકો અને પોલીસની મદદથી ૧૦૮ દ્વારા હૉસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### કૃષિમંત્રી રાઘવજી પટેલે આપ્યું નિવેદન

# SDRFના ધોરણ મુજબ ખેડૂતોને થયેલ નુકસાનીની સહાય ચૂકવાશે

### ૩૩ ટકાથી વધુ નુકસાન હશે તો જ સહાય મળશે : વરસાદથી ખેત પાકોને ભારે નુકશાન

। ગાંધીનગર, તા.૨૮ ।

કમોસમી વરસાદથી સમગ્ર ગુજરાતના ખેડૂતોને પારાવાર નુકશાની થઈ છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા ૨૪ થી ૨૮ નવેમ્બર સુધી કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે સમગ્ર ગુજરાતમાં તેની અસર જોવા મળી હતી.

બે દિવસ દરમ્યાન છૂટાછવાયા પડેલા વરસાદે ખેત પાકોને ભારે નુકશાન પહોંચાડ્યું છે. રવિપાકમાં વરસાદના કારણે કપાસ પલળી ગયો છે. જ્યારે બાજરી, જુવાર, ઘઉં, જીરું ચણા, સહિતના પાકને પણ માવઠાનો માર લાગ્યો છે. અચાનક કરા સાથે વરસેલા ભારે વરસાદના કારણે વાડી ખેતરોમાં ઊભા પાક ઢળી પડ્યા છે. ત્યારે હવે ગુજરાત સરકાર ખેડૂતોની મદદે આવી છે. સરકારે ખેડૂતોની નુકસાની સામે સહાય જાહેર કરી છે. ૨ દિવસ પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોના કપાસ, તુવેર અને એરંડાના પાકને નુકસાન થયું છે. ત્યારે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, કપાસમાં મુખ્ય ફાલ વિણાઈ ગયો છે... છેલ્લી વીણીમાં નુકસાન સામે આવ્યું છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલની પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, કમોસમી વરસાદને પગલે કપાસ, તુવેર અને એરંડાના પાકને નુકસાન થયું છે. દિવેલા પાકનું ઉત્પાદન ૭ લાખ હેકટરમાં નોંધાયેલું છે જેની કાપણી પૂર્ણ થઈ ચૂકી હતી. ૨ દિવસમાં ૨૩૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો ૧૧૨ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ થયો છે. ૩૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૬ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો. કપાસ, તુવેર અને એરંડાને નુકસાન સામે આવ્યું છે. કપાસમાં મુખ્ય ફાલ વીણાઈ ગયો છે, પરંતુ છેલ્લી વીણીમાં નુકસાન સામે આવ્યું છે. ખેડૂતોને સહાય માટે કૃષિ મંત્રીએ કહ્યું કે, જીઢઈહ્નના ધોરણ મુજબ ખેડૂતોને નુકસાનીની સહાય ચૂકવવામાં આવશે. હેક્ટર દીઠ ૬ હજાર ૮૦૦ સહાય ચૂકવવામાં આવે છે. ૩૩ ટકાથી વધુ નુકસાન હશે તો જ સહાય મળશે. તેમણે વધુમાં કહ્યું કે, ૨ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર છે. એક થી બે દિવસમાં વાદળા દૂર થઈ જશે. રવિ સીઝનમાં ૧૫ થી ૧૬ લાખ હેકટરમાં વાવેતર નોંધાયું છે. આ વાવેતર હજુ પ્રારંભિક તબક્કામાં છે.

### રાજ્યમાં હવે માવઠાની શક્યતા નહીવત

# ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ

### ભુજ અને ડીસામાં ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે અમદાવાદમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું

। અમદાવાદ, તા.૨૮ ।

રાજ્યમાં હવે માવઠાનું સંકટ ટળી ગયું છે. મળતી જાણકારી અનુસાર, હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં હવે માવઠાની શક્યતા નહી છે. જોકે ઠંડીમાં વધારો થશે. આગામી દિવસોમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી ઘટાડો થશે. હવામાન વિભાગના મતે ગુજરાત પરથી વરસાદી સિસ્ટમ પસાર થઈ ચૂકી છે ત્યારે હવે કમોસમી વરસાદ પડવાની કોઇ શક્યતા નથી. આ સાથે જ મંગળવારથી હવામાન વિભાગે ઠંડીનું જોર વધવાની શક્યતા વ્યક્ત કરી છે.

કમોસમી વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. જેના કારણે રાજ્યના લોકો હવે ઠંડીના ચમકારોનો અનુભવ કરશે. તો ડિસેમ્બરના પ્રારંભથી તો હાડ થિજાવતી ઠંડી પડવાની હવામાન વિભાગને આગાહી કરી છે. ગઈકાલે કચ્છનું નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું હતું. નલિયામાં ૧૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો ભુજ અને ડીસામાં ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે અમદાવાદમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં ખેડૂતો માટે હવે રાહતના સમાચાર આવ્યા છે. આજથી કમોસમી વરસાદની કોઈ શક્યતા નથી. હવામાન વિભાગના કહેવા પ્રમાણે આજથી ભારે વરસાદની કોઈ સંભાવના નથી. રાજ્યના કોઈ જગ્યાએ સામાન્ય વરસાદ વરસી શકે છે. વરસાદી સિસ્ટમને પગલે તાપમાનનો પારો ગગડયો છે. રાજ્યમાં મોટાભાગના શહેરોમાં તાપમાન ૪ ડિગ્રી જેટલું ઘટયું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ પૂર્વ દિશા તરફથી આવતા પવન અને ભેજના કારણે કમોસમી વરસાદ વરસ્યો છે. સોમવાર બપોર સુધી રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં સોમવાર સુધી કમોસમી વરસાદ વરસી શકે છે. ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. મેઘરાજાએ સમગ્ર ગુજરાતને ઘમરોળી નાંખ્યું હતું. રવિવારે રાજ્યનાં ૨૨૦ તાલુકાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. જેમાં ૪૪ તાલુકાઓમાં તો એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

## વિશેષ

### રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદના વસ્ત્રાપુર ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને પ્રસ્થાન કરાવ્યું

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઈ-શ્રમ કાર્ડ, PMJAY, પીએમ સ્વનિધિ સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવ્યું

કેન્દ્ર સરકાર દ્વારા જનજન સુધી લોકકલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધારવા, લાભાર્થીઓ સુધી યોજનાકીય લાભો પહોંચાડવા અને વિવિધ યોજનાઓની જાગૃતિ ફેલાવવાના ધ્યેય સાથે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના વસ્ત્રાપુર ખાતેથી આજે રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ રથ પ્રસ્થાન કાર્યક્રમ પ્રસંગે સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, આખો દેશ જ્યારે દિવાળીની રજાઓ મનાવી રહ્યો હતો ત્યારે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ, વંચિત, છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓ થકી વિકાસને પહોંચાડવાના સંકલ્પ સાથે 'સરકાર તમારે દ્વાર' સૂત્ર સાથે ઝારખંડથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો. એ જ રીતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પ્રત્યેક નાગરિક સુધી જનકલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાના ઉમદા ઉદ્દેશ સાથે અંબાજીથી રાજ્યની સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો.

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ વિશે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કેન્દ્ર અને



રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ થકી વિકાસ લોકો સુધી સુપેરે પહોંચ્યો છે. આજે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય લાભ યોજના છે. ૫ લાખ સુધીનું આરોગ્ય કવચ પૂરું પાડતી આ યોજનામાં વધારો કરીને આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને ૧૦ લાખનું આરોગ્ય કવચ પૂરું પાડ્યું છે. ૩.૪ કરોડથી વધુ આયુષ્યમાન ભારત આરોગ્ય કાર્ડ (ABHA) આ યોજના અંતર્ગત બનાવવામાં આવ્યા છે. કોરોનાના કપરાં કાળમાં જરૂરિયાતમંદ નાના શેરી ફેરિયાઓને આર્થિક સહાય પૂરી પાડવા પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત વિના ગેરંટી લોન સહાય પૂરી પાડવામાં આવી. જેમાં ૬૫૦ કરોડ કરતાં વધુ રકમ ૩.૮ લાખ લાભાર્થીઓને પરવડે તેવી કાર્યકારી મૂડી લોન તરીકે આપવામાં આવી. યોજનાઓ વિશે વધુમાં વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, લોકલ ફોર વોકલના મંત્ર સાથે ૧૮ પ્રકારના આર્ટીઝન - કારીગરોને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે પીએમ વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવી છે. દેશની બહેનો માતાઓને ચુલાના ધુમાડા અને તેના આંસુઓથી મુક્તિ આપવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવેલી ઉજજ્વલા યોજના અંતર્ગત ૩૮ લાખથી વધુ ગેસ જોડાણો પૂરાં પાડવામાં આવ્યાં છે. દેશમાં સ્ટાર્ટઅપ અને ઉદ્યોગોના વિકાસ માટે પીએમ મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના જેવી યોજનાઓ શરૂ કરવામાં આવી. જેમાં ૧.૩ કરોડથી વધુ મુદ્રા લોનમાંથી ૬૨% લોન મહિલાઓને આપવામાં આવી. સ્ટાર્ટઅપ અને તેમના આઈડિયાઝને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડતી સંસ્થા i-create આપણા રાજ્યમાં છે. પીએમ જન ઔષધિ યોજના અંતર્ગત દેશભરમાં નાગરિકોને સસ્તા દરે યોગ્ય ગુણવત્તા ની દવાઓ મળી રહે છે. દેશમાં સૌના માથે છત હોય તેવા ઉમદા સંકલ્પ સાથે શરૂ કરવામાં આવેલી પીએમ આવાસ યોજના અંતર્ગત દેશમાં એક લાખથી વધુ આવાસોનું નિર્માણ થઈ ચૂક્યું છે. સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ૧૮ લાખથી વધુ ખાતાં કન્યા સંતાનો માટે ખોલવામાં આવ્યાં છે. ડિજિટલ પેમેન્ટ યોજના અંતર્ગત આજે ભારત દેશ યુપીઆઈ (UPI) હેઠળ ઈ-ટ્રાન્જેક્શનમાં સૌથી આગળ છે. ખેલો ઈન્ડિયા, નલ સે જલ, ઈ-બસ યોજના સહિત અનેકવિધ વિકાસ યોજનાઓ આજે દેશમાં જન કલ્યાણ અને વિકાસના સંકલ્પને સાકાર કરી રહી છે. અમદાવાદમાં આવી ૧૭ યોજનાઓ ૯૮ જેટલા કેમ્પ દ્વારા વિવિધ સ્થળોએ પહોંચાડવામાં આવશે તથા દેશમાં લોકો સુધી યોજનાઓ પહોંચાડવા માટે ૧૫,૦૦૦ થી વધુ સ્થળોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમો યોજવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈને સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિ અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ આજે સ્માર્ટ અને સુવિધાયુક્ત મેટ્રો સિટી બન્યું છે. આજે સૌ શહેરીજન વિકાસની પ્રતિબદ્ધતાની અનુભૂતિ કરી રહ્યા છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત આગામી દિવસોમાં વિકસિત ભારત રથ શહેરના તમામ વોર્ડમાં લોકો સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભો, યોજનાકીય વિગતો, યોજનાઓના આઈટી પ્લેટફોર્મ અને મોબાઈલ એપ સહિતની વિગતો પહોંચાડશે. 'સર્વ જન હિતાય, સર્વ જન સુખાય'ની ભાવના સાથે અંત્યોદયના વિકાસના હેતુ સાથે શરૂ થયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત જ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં મહત્ત્વનો ભાગ ભજવશે, એમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં ઈ-શ્રમ કાર્ડ, PMJAY, પીએમ સ્વનિધિ સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવ્યાં હતાં. વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંગે માન. વડાપ્રધાનશ્રીનો સંદેશ, સંકલ્પ વિડિયો, વિકાસ યાત્રાની ફિલ્મ સહિત વિવિધ યોજનાઓની ફિલ્મનું પણ આ પ્રસંગે નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ આ પ્રસંગે સ્વચ્છતા ગીત રજૂ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌને વિકસિત ભારત સંકલ્પ શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ આ પ્રસંગે વ્યક્ત કર્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથના પ્રસ્થાન કાર્યક્રમમાં સંસદ સભ્ય સર્વે શ્રી હસમુખભાઈ પટેલ, કિરીટસિંહ સોલંકી અને નરહરિ અમીન, અમદાવાદના ધારાસભ્યોશ્રીઓ, ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, મ્યુનિ. કમિશનર શ્રી એમ. થેન્નારસન, AMCના હોદ્દેદારો - સભ્યો, વિવિધ કમિટીઓના સભ્યો, કાઉન્સિલરશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## યુદ્ધ વચ્ચે અચાનક જ કેમ ઈઝરાયેલ પહોંચી ગયા એલન મસ્ક



। જેરૂસાલેમ, તા.૨૮ ।

ટેસ્લાના સીઈઓ એલન મસ્ક હાલ ઈઝરાયેલમાં છે. તેઓ જંગ વચ્ચે સોમવારે ઈઝરાયેલ પહોંચ્યા હતા. તેમણે આ દરમિયાન ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને રાષ્ટ્રપતિ ઈસાક હર્જોગ સાથે મુલાકાત કરી. મસ્કે ગાઝા પટ્ટી પાસે કિબુત્ઝ શહેરની પણ મુલાકાત લીધી. હમાસે કિબુત્ઝ પર જ સાત ઓક્ટોબરના રોજ હુમલો કર્યો હતો. જેમાં અનેક લોકોના મોત થયા હતા. મસ્કના આ પ્રવાસ અંગે નેતન્યાહૂએ કહ્યું કે તેમણે મસ્કને કિબુત્ઝમાં હમાસના આતંકીઓ દ્વારા કરાયેલા નરસંહારની ભયાનકતા પણ દેખાડી હતી. આ દરમિયાન અમે કિબુત્ઝમાં પીડિતોના ઘરે પણ ગયા હતા. નેતન્યાહૂએ મસ્કેને એવા ઈઝરાયેલીઓના ઘર પણ દેખાડ્યા જેમને નિર્દયતાથી હમાસના આતંકીઓએ માર્યા હતા. જેમાં ચાર વર્ષની ઈઝરાયેલી અમેરિકન છોકરી અભિગેલ ઈદાન પણ સામેલ છે. જેના માતા પિતાને આતંકીઓએ માર્યા હતા. ઈદાનને રવિવારે હમાસે છોડી હતી. આ પ્રવાસની કેટલીક તસવીરો પણ નેતન્યાહૂએ શેર કરી છે. આ દરમિયાન નેતન્યાહૂએ મસ્કે એ ફિલ્મ પણ દેખાડી જેને આઈડીએફએ તૈયાર કરી હતી.



વાઇસ પ્રેસિડેન્ટ જગદીપ ધનખર નવી દિલ્હીમાં સંસદ હાઉસ એનેક્સી ખાતે 'રાજ્ય સભા ઇન્ટર્નશિપ પ્રોગ્રામ (RSIP) ૨૦૨૩' દરમિયાન વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા નજરે પડે છે.

### મુંબઈ ઈન્ડિયન્સમાં બધું બરાબર નથી?

## હાર્દિક પંડ્યાના ઘરવાપસી બાદ જસપ્રીત બુમરાહનો રહસ્યમય મેસેજ વાયરલ થયો

। મુંબઈ, તા.૨૮ ।

એક તરફ હાર્દિક પંડ્યા આઈપીએલ ૨૦૨૪ પહેલા મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાવાને ઘર વાપસી ગણાવી ખુબ ખુશ થઈ રહ્યો છે તો બીજીતરફ જસપ્રીત બુમરાહની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે.

ટીમના ફાસ્ટ બોલરે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરી છે, જે ફેન્સના મનમાં ઘણા સવાલ ઉભા કરી રહી છે. દરેક સવાલનો જવાબ બુમરાહ પર જઈને ખતમ થઈ રહ્યો છે.



હાર્દિક પંડ્યાને મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા સાઈન કરાયા બાદ બુમરાહે ઈન્સ્ટાગ્રામ પર એક ક્રિપ્ટિક મેસેજ પોસ્ટ કર્યો છે. તેણે કેપ્શનમાં લખ્યું છે. મૌન ક્યારેક-ક્યારેક સૌથી સારો જવાબ હોય છે. બુમરાહ દ્વારા પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેને પોસ્ટ કર્યા બાદ પ્રશંસકો અટકળો લગાવી રહ્યાં છે.

### આવનારા દિવસોમાં તાપમાનમાં વધારે ઘટાડો થઈ શકે

## ઉ. ગુજરાત અને રાજસ્થાન પર સર્જાયેલું છે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન

। નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હી-એનસીઆર સહિત અનેક રાજ્યોમાં વરસાદ પડ્યો છે. ત્યારબાદ વિસ્તારોમાં તાપ માનમાં પણ ઘટાડો થયો છે. વરસાદે અચાનક ઠંડી વધારી દીધી છે અને હવે લોકોએ કડકડતી ઠંડી માટે તૈયાર રહેવું પડશે. આવનારા દિવસોમાં તાપમાનમાં વધારે ઘટાડો થઈ શકે છે. એવી આશા હતી કે વરસાદ બાદ પ્રદૂષણમાં રાહત મળશે.

પરંતુ હજુ પણ અનેક વિસ્તારોમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. દિલ્હીમાં હજુ પણ એક્યુઆઈ ૩૫૦ની આજુબાજુ છે. આ ઉપરાંત અન્ય રાજ્યો અને ગુજરાત માટે શું આગાહી કરવામાં આવી છે તે પણ ખાસ જાણો. મધ્ય પ્રદેશના કેટલાક હિસ્સાઓ પર એક ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર બનેલું છે.

સ્કાઈમેટ વેધરના જણાવ્યાં મુજબ મધ્ય પાકિસ્તાન અને તેની નજીકના વિસ્તારો પશ્ચિમી રાજસ્થાન પર એક પ્રેરિત ચક્રવાતી પવનનું ક્ષેત્ર હવે રાજસ્થાનના પશ્ચિમી ભાગો પર છે.

## પાકિસ્તાનના ક્રિકેટરને મેચ રેફરીએ કરેલી સજા PCBએ માફ કરવામાં આવ્યો હતો

। નવીદિલ્લી, તા.૨૮ ।

પાકિસ્તાનમાં તાજેતરમાં રમાઈ રહેલા નેશનલ T20 કપમાં વિકેટકીપર બેટ્સમેન આઝમ ખાનને પોતાના બેટ પર પેલેસ્ટાઈનનો ધ્વજ લગાવવા બદલ મેચ ફીના ૫૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો, પરંતુ હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ દંડ હટાવી દીધો છે. આઝમ ખાન પર દંડ હટાવવા અંગે PCB તરફથી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે,



'મેચ અધિકારીઓએ આઝમ ખાન પર મેચ ફીસના ૫૦ ટકાનો દંડ લગાવ્યો હતો, જેને PCB દ્વારા પાછો ખેંચી લેવામાં આવ્યો છે.' આઝમ ખાન નેશનલ T20 કપમાં કરાંચી વ્હાઈટ્સનો ભાગ છે. રવિવારે લાહોર બ્લુ સામે રમાયેલી ટુર્નામેન્ટની એક મેચમાં આઝમ ખાન સમર્થન બતાવવા માટે બેટ પર પેલેસ્ટાઈનના ધ્વજનું સ્ટીકર લગાવીને મેદાનમાં આવ્યો હતો. આઝમને લેવલ-૧ના ગુનામાં દોષી ઠેરવવામાં આવ્યો હતો અને તેની મેચ ફીના ૫૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો. તેણે PCBની આચાર સંહિતાની કલમ ૨.૪નું ઉલ્લંઘન કર્યું હતું.

### અશ્વિની વૈષ્ણવે iPhone પર કહી મોટી વાત

## મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ ૪૪ બિલિયન ડોલર પાર કર્યા હતા

। હોસુર, તા.૨૮ ।

દેશના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે બેંગલુરુ નજીક હોસુરમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯.૨ ટકા મોબાઈલ ફોન આપણા દેશમાં જ બને છે. દેશના મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ $44 બિલિયનનો આંકડો પાર કરી ગયો છે હોવાની કેન્દ્રીય મંત્રીએ વાત કરી હતી. આ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની સફળતા છે. મંત્રીએ કહ્યું કે સેમિકન્ડક્ટર પ્રોગ્રામમાં પણ ઘણી પ્રગતિ થઈ છે, ખૂબ જ ટૂંક ભારત આ ક્ષેત્રમાં આગળ વધશે. પત્રકાર પરિષદમાં તેમણે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિ વિશે માહિતી



આપી હતી. આ દરમિયાન તેમણે વિપક્ષી નેતાઓ પર પણ જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કટાક્ષ કર્યો કે કેટલાક વિપક્ષી નેતાઓ હજુ પણ એ ભ્રમમાં છે કે દેશમાં ઉપયોગમાં લેવાતા મોબાઈલ ફોન આજે પણ આયાત કરવામાં આવી રહ્યા છે. ત્યારે સત્ય એ છે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯.૨ ટકા મોબાઈલ મોબાઈલ ફોન દેશમાં જ બને છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશના મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ $44 બિલિયન ડોલર પાર કરી ગયુ છે. આ ઉપરાંત વેલ્યુ ચેઈન પણ વધી રહી છે.

### વધુ બે દિવસ લંબાવાયો યુદ્ધવિરામ

## ઈઝરાયલે દરરોજ ૩૦ પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત પણ કરવા પડશે

**ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ચાર દિવસીય યુદ્ધવિરામને વધારાના બે દિવસ લંબાવવા માટે સંમત છે**

। જેરૂસાલેમ, તા.૨૮ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા કરાર હેઠળ ચાર દિવસીય યુદ્ધવિરામનો સોમવારે છેલ્લો દિવસ હતો. હમાસે અત્યાર સુધીમાં ૫૮ બંધકોને મુક્ત કર્યા છે, જેમાં એક અમેરિકન, ૪૦ ઈઝરાયેલ અને ૧૭ થાઈ નાગરિકોનો સમાવેશ થાય છે. તે દરમિયાન, દોહાના વિદેશ મંત્રાલયે માહિતી આપી છે કે કતાર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાર દિવસીય યુદ્ધવિરામને વધારાના બે દિવસ લંબાવવા માટે સંમત છે. આ નવા કરાર હેઠળ, ઓછામાં ઓછા દસ વધુ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવામાં આવશે અને અન્ય દસને બુધવારે મુક્ત કરવામાં આવશે.



આ સાથે ઈઝરાયલે દરરોજ ૩૦ પેલેસ્ટાઈન કેદીઓને પણ મુક્ત કરવા પડશે. કતરના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું છે કે ગાઝા પટ્ટી પર માનવતાવાદી યુદ્ધવિરામને લંબાવવા માટે સમજૂતી થઈ છે. હવે તેને બે દિવસ માટે લંબાવવામાં આવી રહી છે. કતર જાહેરાત કરે છે કે ચાલુ મધ્યસ્થી હેઠળ, ગાઝા પટ્ટીમાં માનવતાવાદી યુદ્ધવિરામને વધુ બે દિવસ સુધી લંબાવવા માટે એક સમજૂતી થઈ છે.

ઈઝરાયલે પહેલાથી જ કહ્યું હતું કે દરેક ૧૦ વધારાના બંધકો માટે યુદ્ધવિરામ એક દિવસ લંબાવવામાં આવશે. જોકે, ઈઝરાયેલે કહ્યું છે કે તે હમાસને સંપૂર્ણ રીતે કચડી નાખવા અને ગાઝા પર તેના ૧૬ વર્ષના શાસનનો અંત લાવવા માટે પ્રતિબદ્ધ છે. આનાથી સ્પષ્ટ છે કે યુદ્ધવિરામના અંત સાથે, જમીની હુમલાઓ વિનાશગ્રસ્ત ઉત્તર ગાઝાથી દક્ષિણ તરફ વિસ્તરી શકે છે. નેતન્યાહુએ યુદ્ધવિરામ દરમિયાન બંધકોની મુક્તિ પર કહ્યું કે અમે અમારા નાગરિકોને પણ સુરક્ષિત રીતે પાછા લાવીશું.

### મહિલાની અરજી પર હાઈકોર્ટનો મહત્વનો નિર્ણય

## લગ્ન બાદ પત્ની પણ ન માંગી શકે આધારની માહિતી : હાઈકોર્ટ

। નવી દિલ્હી, તા.૨૮ ।

પત્ની પતિના આધારકાર્ડની માહિતી માંગી શકે છે કે નહીં? પત્નીને આધારકાર્ડની માહિતી એકતરફી મેળવવાનો અધિકાર છે કે નહીં? આ મામલે હાઈકોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કર્ણાટક હાઈકોર્ટે આજે એક મહિલાની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અરજીમાં મહિલાએ જુદા રહેતા પતિનો આધાર નંબર, એનરોલમેન્ટ વિગતો અને ફોન નંબર માગ્યો હતો. મહિલાની દલીલ હતી કે, તેની પાસે પતિની વિગતો ન હોવાથી ફેમિલી કોર્ટના ભરણ-પોષણનો આદેશ લાગુ કરવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે આ મામલે કોર્ટે મહિલાને ફટકાર લગાવી છે. મહિલાની અરજી પર હાઈકોર્ટે નિર્ણય સંભાળવતા કહ્યું કે, પત્ની માત્ર લગ્ન સંબંધોના આધારે પોતાના પતિના આધાર ડેટાની માહિતી એકતરફી માંગી શકે નહીં. ઉપરાંત આ બાબત કાયદાના બંધારણીય માળખાની ગોપનીયતાના અધિકારોની સ્વાયત્તતા અને સુરક્ષા પર ભાર મુકે છે. એટલું જ નહીં, કોર્ટે સ્પષ્ટ જણાવ્યું કે, લગ્નથી પતિની ગોપનિયતાના અધિકારો ઓછા થઈ જતા નથી. ન્યાયાધીશ એસ.સુનીલ દત્ત યાદવ અને ન્યાયાધીશ વિજયકુમાર એ.પાટિલની બેંચે કહ્યું કે, લગ્ન કરવાથી આધારકાર્ડ ધરાવનાર વ્યક્તિની ગોપનિયતાનો અધિકાર ઓછો થતો નથી. અને નિર્ધારિત કરેલી પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ. દરમિયાન એક મહિલાના ૨૦૦૫માં લગ્ન થયા હતા. દંપત્તિને એક પુત્રી પણ છે. બંને વચ્ચે સંબંધો બગડ્યા બાદ મહિલાએ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં ફેમિલી કોર્ટે ભરણ-પોષણ પેટે ૧૦,૦૦૦ રૂપિયા અને પુત્રીના ખર્ચ પેટે ૫૦૦૦ રૂપિયા આપવાનો પતિને આદેશ આપ્યો હતો.

### ગ્રાહક પંચનો ચુકાદો

## ડિપ્રેશનને હાર્ટએટેકનું કારણ જણાવીને વીમા કંપની ક્લેમ ફગાવી ન શકે

**વીમા કંપનીએ ઘણી વખત ડિસ્ક્લોઝરનું કારણ આપીને ક્લેમ રિજેક્ટ કરતી હોય છે પરંતુ ગ્રાહક પંચે વીમાધારકના પરિવારને ન્યાય અપાવ્યો છે**

। નડિયાદ, તા.૨૮ ।

કોઈ પણ વ્યક્તિ જ્યારે વીમા પોલિસી ખરીદે ત્યારે તે એવું ધારે છે કે ન કરે નારાયણને ક્યારેક ક્લેમ કરવાનો વારો આવે ત્યારે તેના પરિવારને નાણાકીય વળતર મળી રહેશે. પરંતુ કેટલીક વાતોનું ધ્યાન રાખવામાં ન આવે તો મુશ્કેલી પડે છે અને ક્લેમના રૂપિયા સરળતાથી મળતા નથી. નડિયાદના એક વીમાધારક સાથે પણ આવું જ બન્યું છે. અનિલ પટેલ નામની એક વ્યક્તિએ એલઆઈસીની ૯ વીમા પોલિસી ખરીદી હતી, પરંતુ પોલિસી ખરીદ્યાના બે વર્ષ બાદ તેમનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું. એલઆઈસીએ આ કેસમાં ડિપ્રેશનનું કારણ આપીને ક્લેમ નામંજૂર કર્યો હતો. એલઆઈસીનું કહેવું હતું કે ડિપ્રેશનના કારણે અનિલ પટેલને હાર્ટ એટેક આવ્યો હતો અને તેમણે ડિપ્રેશનની માહિતી છુપાવી હતી. જોકે, ગ્રાહક પંચે વીમાધારકની તરફેણમાં ચુકાદો આપ્યો છે અને તમામ પોલિસીનો ક્લેમ મંજૂર કરવા કહ્યું છે. નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશને વીમાધારકના પરિવારને તમામ નવ પોલિસીના ક્લેમ મંજૂર કરવા માટે એલઆઈસીને આદેશ આપ્યો છે. ગ્રાહક પંચના ચુકાદામાં જણાવાયું કે ડિપ્રેશનનું ડિસ્ક્લોઝર અપાયું ન હોય તેના કારણે હાર્ટ એટેકનો વીમો રિજેક્ટ કરી ન શકાય. રાષ્ટ્રીય ગ્રાહક પંચે એવું પણ કહ્યું કે ડિપ્રેશન અને હાર્ટ એટેક વચ્ચે સીધો સંબંધ હોવાનું પૂરવાર નથી થયું. નડિયાદના અનિલ પટેલે LICની ૯ વીમા પોલિસીઓ ખરીદી હતી અને બે વર્ષ પછી તેમનું મૃત્યુ થયું ત્યારે તેમના પરિવારે વીમા માટે ક્લેમ કર્યો હતો. વીમા કંપનીએ ક્લેમ રિજેક્ટ કરતા કહ્યું કે વીમા પોલિસીઓ ખરીદવામાં આવી ત્યારે અનિલ પટેલે તેમને ડિપ્રેશન છે તે વાત જાહેર નહોતી કરી.ક્લેમ નામંજૂર થવાના કારણે પરિવારજનો ખેડાના કન્ઝ્યુમર ફોરમમાં ગયા જેણે અનિલ પટેલના પરિવારજનોની ફેવરમાં ચુકાદો આપ્યો. આ ચુકાદો મંજૂર ન હોવાથી LIC ગુજરાત સ્ટેટ ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશનમાં ગઈ. તેમાં પણ LICની વિરુદ્ધમાં ચુકાદો આવ્યો હતો.છેવટે LICએ નેશનલ કન્ઝ્યુમર કમિશનમાં ગઈ. તેની દલીલ હતી કે ઈરડાના નિયમોને આધિન રહીને તેણે ક્લેમ રિજેક્ટ કર્યો છે. LICનું કહેવું હતું કે મૃતકે જ્યારે વીમા પોલિસી ખરીદી ત્યારે તેને પહેલેથી ડિપ્રેશનની તકલીફ હતી. અને આ વાત તેણે છુપાવી હતી. મૃતકે પોતાની મેડિકલ હિસ્ટ્રી જાહેર કરવી જોઈતી હતી, પરંતુ તેણે એમ કર્યું ન હતું.અનિલ પટેલના પરિવારે LICની દલીલના જવાબમાં કહ્યું કે LICની પેનલમાં હોય તેવા ડોક્ટર દ્વારા પૂરતા મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને પછી અનિલ પટેલે પોલિસી લીધી હતી. તેમનું વજન વધારે પડતું હોવાના કારણે LICએ એક્સ્ટ્રા પ્રીમિયમ પણ ચાર્જ કર્યું હતું. તેથી મૃતકે પોતાની મેડિકલ હિસ્ટ્રી વિશે કોઈ વાત છુપાવી હોય તે દલીલ ખોટી છે.

### તાઈવાનનો ફરી ચીનને ઝટકો

## તાઈવાન ભારતમાં ૧૩ હજાર કરોડ જેટલું રૂપિયાનું મૂડીરોકાણ કરશે

**ફોક્સકોન ભારતમાં પહેલાથી જ ૯ પ્રોડક્શન કેમ્પસ અને ૩૦થી વધુ ફેક્ટરીઓ ચલાવે છે, જે હજારો લોકોને રોજગારી આપે છે**

। તાઈપેઈ, તા.૨૮ ।

તાઈવાને ફરી એકવાર ચીનને મોટો ઝટકો આપ્યો છે. તાઈવાનની કંપની હોન હાઈ જેને ફોક્સકોન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારતમાં ૧.૬ અબજ ડોલર એટલે કે ૧૩ હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે. આ રોકાણ બાંધકામ પ્રોજેક્ટ્સમાં થશે.

સોમવારે મોડી રાત્રે તાઈવાનમાં એક્સચેન્જ ફાઈલિંગમાં કરવામાં આવેલી જાહેરાતમાં વધુ વિગતો આપવામાં આવી નથી. તે માત્ર એટલું જ કહે છે કે રોકાણ ઓપરેશનલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે કરવામાં આવી રહ્યું છે. કંપનીના પ્રવક્તાએ તે કહેવાનો ઈનકાર કર્યો હતો કે નવી સુવિધાઓ ક્યાં હશે અને તેઓ શું બનાવશે.આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે હોન હાઈ એટલે કે ફોક્સકોન અને અન્ય તાઈવાનની કંપનીઓ અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવને કારણે ચીનની બહાર પોતાનો બિઝનેસ વધારવા માટે કામ કરી રહી છે. ફોક્સકોનની લગભગ અડધી આવક Apple Inc સાથેના બિઝનેસમાંથી આવે છે. કંપની ઘણા વર્ષોથી ભારતમાં આઈફોન અને અન્ય ઉત્પાદનોનું ઉત્પાદન કરી રહી છે.



જેમા iPhone ૧૫ પણ સામેલ છે. સપ્ટેમ્બરમાં ભારતમાં ફોક્સકોનના પ્રતિનિધિએ LinkedIn પર જણાવ્યું હતું કે તાઈવાની કંપની ભારતમાં તેના બિઝનેસનું કદ બમણું કરવાની યોજના બનાવી રહી છે.ભારતના કર્ણાટક રાજ્ય સરકારે ઓગસ્ટમાં જાહેરાત કરી હતી કે ફોક્સકોન દક્ષિણ ભારતીય રાજ્યમાં બે ઘટક ફેક્ટરીઓ પર $600 મિલિયનનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આમાં એક પ્લાન્ટનો સમાવેશ થાય છે જે iPhones માટે મૈકેનિકલ કંપોનેટ બનાવશે અને એક સેમિકન્ડક્ટર સાધનોના ઉત્પાદનનો પ્લાન્ટ કે જે એપ્લાઈડ મટિરિયલ્સ Inc સાથે કામ કરશે.

ફોક્સકોન ભારતમાં પહેલાથી જ ૯ પ્રોડક્શન કેમ્પસ અને ૩૦થી વધુ ફેક્ટરીઓ ચલાવે છે, જે હજારો લોકોને રોજગારી આપે છે. આમાં દર વર્ષે લગભગ ૧૦ બિલિયન ડોલરની આવક થાય છે.

## ભાઈએ બહેનને મામરાંમાં એક કરોડ ૧ લાખ ૫૧ હજાર રૂપિયા આપ્યા



। રેવાડી, તા.૨૮ ।

હરિયાણામાં મામેરાંની અનોખી વિધિ જોવા મળી છે. રેવાડીમાં જ્યારે એક ભાઈ તેની વિધવા બહેનના ઘરે મામેરું ભરવા ગયો તો તેને જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ કે સતબીરે તેની બહેનને મામરાંમાં એક કરોડ ૧ લાખ ૫૧ હજાર રૂપિયા આપ્યા હતા. રેવાડીમાં, એક ભાઈએ તેની એકમાત્ર બહેનના ઘરે ચલણી નોટો ફેલાવી ત્યારે લગ્નમાં હાજર તમામ લોકોની આંખો ચકરાઈ ગઈ હતી. ભાઈએ માત્ર ૧ કરોડ, ૧ લાખ, ૫૧ હજાર ૧૦૧ રૂપિયા રોકડા જ નહીં, કરોડો રૂપિયાની જ્વેલરી પણ આપી. તેનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે જે ચર્ચાનો વિષય બની રહ્યો છે. મળતી માહિતી મુજબ, સતબીરનો પોતાનો ક્રેનનો વ્યવસાય છે, સતબીર શરૂઆતથી જ તેની વિધવા બહેનને મદદ કરી રહ્યો છે. રેવાડીના દિલ્હી-જયપુર હાઈવેને અડીને આવેલા અસલવાસ ગામમાં રહેતા સતબીરની બહેનના લગ્ન સિંદરપુરમાં થયા હતા.

## તંત્રી લેખ...

# ડિજિટલ દુનિયા પણ કરે છે કાર્બન ઉત્સર્જન

દુનિયાના વધતા તાપમાનનું સૌથી મોટું કારણ કાર્બન ઉત્સર્જન છે. આ ઉત્સર્જન માત્ર કાર્બન ડાયોક્સાઇડથી જ નહીં, બલ્કે મિથેન સાથે પણ જોડાયેલો છે. વર્ષ ૨૦૨૨ના આંકડા અનુસાર, સૌથી વધુ કાર્બન ઉત્સર્જન (લગભગ ૩૬.૮ બિલિયન ટન) આ જ વર્ષે થયું. આ ઉત્સર્જન પાછલા સ્તરોની તુલનામાં લગભગ ૦.૯ ટકા વધારે હતું. કાર્બન ઉત્સર્જનના લગભગ ત્રણ ચતુર્થાંશ માત્રામાં આપણા દ્વારા સતત ઉપયોગ કરાઈ રહેલ વિભિન્ન પ્રકારના ગેસ સામેલ છે. એને જ બધાનું કારક માનવામાં આવે છે. જેને કારણે સૌથી વધુ કાર્બન પ્રદૂષણ થઈ રહ્યું છે અને એ સ્વાભાવિક પણ છે. કારણ કે દુનિયાભરમાં ગાડીઓની સંખ્યા જે રીતે વધી રહી છે, તે સીધી રીતે ડીઝલ પેટ્રોલ પર જ નિર્ભર છે, એવામાં એ પરિવહન પ્રદૂષણનું પણ એક મોટું કારણ છે. બીજું એ કે વીજળીની નિરંતરતાના અભાવમાં હવે ડીઝલ અને ઈલેક્ટ્રીકલ એન્જિન, જે મોટી મોટી કોલોનીઓને ફીડ કરે છે, કે પાણીના પંપ જે કેટલાય માળ સુધી પાણી ચડાવે છે, આ બધામાં પણ તેલનો જ ઉપયોગ થઈ રહ્યો છે. તેલનો ઉપયોગ માત્ર અહીં સુધી જ સીમિત નથી, બલ્કે આશ્ચર્યની વાત છે કે તેનું એક મુખ્ય કારણ દુનિયાભરમાં થઈ રહેલ આપણી હવાઈ યાત્રા પણ છે. આખી દુનિયામાં અડધું તેલ આ હવાઈ યાત્રાઓમાં ખપી જાય છે. એ વાત પણ ધ્યાન આપવા જેવી છે કે છેલ્લા કેટલાક સમયથી એશિયાની અંદર જે રીતે સતત વિકાસ થયો છે, તેને કારણે કાર્બન ઉત્સર્જનમાં ૪.૨ ટકા હિસ્સો ઉમેરાઈ ગયો છે, જે એ વાત તરફ ઈશારો કરે છે કે દુનિયામાં આપણી વિકાસની પ્રાથમિકતાઓ ભલે કેટલીય હશે, પરંતુ ઉદ્યોગોનું તેમાં મોટું યોગદાન છે, જેના દ્વારા થનાર કાર્બન ઉત્સર્જનનો પ્રભાવ વ્યાપક રીતે વેઠવો પડી રહ્યો છે. દુનિયામાં સૌથી વધુ ઉત્સર્જન ચીન કરેછે, તે લગભગ ૨૭ ટકા કાર્બન ઉત્સર્જનનું કારણ બનેલું છે. ત્યારબાદ અમેરિકાનું સ્થાન છે, જે ૧૫ ટકા ઉત્સર્જન કરે છે. હવે તો ભારત પણ પાછળ નથી, ઉત્સર્જનમાં તે ત્રીજા સ્થાન પર આવે છે. તેના કાર્બન ઉત્સર્જનની ટકાવારી સાતથી આઠ છે. આ બધા ઉપરાંત જે કારણ છે, તે આશ્ચર્યચકિત કરનારું છે. જ્યારથી દુનિયાએ ડિજિટલ વર્લ્ડમાં પ્રવેશ કર્યો છે, ત્યારથી કાર્બન ઉત્સર્જનનું એક નવું અને મોટું પાસું પણ જોડાઈ ગયું છે. દુનિયાનો કોઈ એવો ખૂણો નથી બચ્યો જ્યાં આજે ઈન્ટરનેટ મોબાઈલ, વોટ્સએપ, ફેસબુક, ઈમેલનો ઉપયોગ ન થતો હોય. એક શોધથી એ વાત સામે આવી છે કે એક ઈમેલ જ ૧૫.૯ ગ્રામ ગેસનું ઉત્સર્જન કરે છે. આ છે તો આશ્ચર્યની વાત, પરંતુ આ એક મોટું સત્ય પણ છે. એક ઈકોલોજિકલ રિપોર્ટ અનુસાર એક વ્યક્તિ પ્રતિ વર્ષ લગભગ ૧૩૬ કિલોગ્રામની બરાબરી જેટલા ઈમેલ મોકલે છે. એક મેલથી ૧૫ ગ્રામ ગેસ ઉત્સર્જન થાય છે, તેના આધાર પર એ આંકડો તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રકારે, એક વર્ષમાં જેટલા મેલ હોય છે, તેનાથી ગેસથી ચાલનારી એક કાર લગભગ ૨૦૦ માઈલ ચાલી શકે છે. બ્રિટનમાં થયેલ એક અધ્યયનમાં જોવા મળ્યું છે કે એક વ્યક્તિ જો એક દિવસમાં એક મેલ પણ ઓછો કરે તો તે વર્ષભરમાં ૧૬,૪૩૩ ગ્રામ કાર્બન ઉત્સર્જન ઘટાડી શકે છે. જે લંડનથી મેડ્રિડ ફ્લાઈટમાં ઉત્પન્ન કાર્બન ઉત્સર્જન જેટલું છે. એ જ રીતે , મેલના માધ્યમથી જે ચેટ આપણે કરીએ છીએ, હંમેશાં તેમાં ચાર ગ્રામ કાર્બન ઉત્સર્જન થાય છે. ઠીક એ જ રીતે, એક સ્પામ મેલથી ૦.૩ ગ્રામ જેટલું ઉત્સર્જન થાય છે. મેલમાં મોકલાતા એટેચમેન્ટ વગેરેથી તો ૫૦ ગ્રામ કાર્બન ઉત્સર્જિન થાય છે. એક આંકડા અનુસાર , એક વ્યક્તિ જે ૧૨૬ ઈમેલ મોકલે છે અને તેમાં ૫૦ ટકા મેલ જ્યારે એટેચમેન્ટ સાથે હોય છે, તો ઉત્સર્જનની માત્રા ૮૨૫ ગ્રામ પ્રતિદિન થઈ જાય છે.

## ઇઝરાયલ હુમલામાં સામેલ તમામના માથે મંડરાતું મોત

ખુબ ટૂંકા સમયમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના સંઘર્ષ દરમિયાન ચાર દિવસના સંઘર્ષવિરામમાં હમાસે ઈઝરાયલમાંથી અપહરણ કરેલા કેટલાક બંધકોને મુક્ત કરવાનું શરૃ કર્યાના ખબર આવ્યા છે. અપહ્રતોના પરિવારજનોએ તેમના સ્વજનોની મુક્તિથી તેમને મળેલી રાહત વિશે વાત કરી છે. મુક્ત કરાયેલા અપહ્રતોમાં વૃદ્ધ મહિલાઓ અને નાનાં બાળકોનો સમાવેશ થાય છે. હમાસે મુક્ત કર્યા બાદ આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ સંગઠને આ તમામ લોકોને ગાઝામાંથી ઈજિપ્તમાં ખસેડયાં હતાં જ્યાંથી તેમને ઈઝરાયલ પહોંચાડી દેવામાં આવ્યાં છે. ઈઝરાયલે તેના કબજામાં રહેલા પેલેસ્ટાઈનના લોકોને વેસ્ટ બૅંકના બૈટુનિયા ચેકપૉઈન્ટ ખાતે મુક્ત કર્યા હતા. આ પરિવારને તે જે ઘટનાના અને તેની યાતનાઓમાંથી પસાર થવાના આઘાતમાંથી બહાર કાઢીને તેમને ફરીથી ચેતનવંતો બનાવવાનો દૃઢનિશ્ચય કર્યો તે પણ આવકાર્ય છે. જે લોકોનું અપહરણથયુંછે,તેલોકોમાત્રપોસ્ટરકેસૂત્રોનથી,એલોકોજીવતા મનુષ્યો છે અને એ અપહ્રત લોકોના પરિવારો નવો પરિવાર છે. મધ્ય-પૂર્વ એશિયાના દેશ કતારે ઈઝરાયલ અને હમાસ વચ્ચે મધ્યસ્થી દ્વારા કરેલી સમજૂતી સિવાય હમાસે થાઈલૅન્ડ અને ફિલિપિન્સના નાગરિકને પણ મુક્ત કર્યા છે. કતાર દ્વારા કરવામાં આવેલી મધ્યસ્થી બાદ થયેલી સમજૂતી હેઠળ હમાસના કબજામાં રહેલા ઈઝરાયલના બંધકો સામે ઈઝરાયેલે પકડેલા પેલેસ્ટાઈનના લોકોની અદલાબદલી કરાશે. ઈઝરાયલમાં તા. ૭મી ઑક્ટોબર ૨૦૨૩એ હુમલા થયેલા અને એ માટે ઈઝરાયલ અનેક લોકો અને સંગઠનને જવાબદાર ગણે છે. એ હુમલામાં લગભગ ૧૨૦૦ લોકોનાં મોત થયાં હતાં અને લગભગ ૨૦૦થી વધુનું અપહરણ કરાયું હતું. કહેવાય છે કે, ઈઝરાયલ પરના હુમલામાં જે સામેલ રહ્યા છે એ તમામનું મોત નક્કી છે. આમાં હમાસની લશ્કરી પાંખના ભાગેડુ વડા પણ સામેલ છે. જે ૭મી ઑક્ટોબરના હુમલા પાછળના માસ્ટરમાઈન્ડ છે અને એ હુમલાને તેઓ એક મિલિટરી ઑપરેશન ગણાવે છે, એ હુમલાને નક્કી કરવામાં અને યોજના બનાવવા પાછળ યાહ્યાનું મગજ હોઈ શકે છે. જે ઈઝેદીન અલ-કાસમ બ્રિગેડનો જ ભાગ છે. ઈઝરાયલી માને છે કે હમાસ લીડર ઈસ્માઈલ હાનિયાહ પછીના સેકન્ડ-ઈન-કમાન્ડ છે, તેઓ ગાઝામાં સુરક્ષાકર્મીઓ સાથે કોઈ ટનલમાં છુપાયેલા છે. તેઓ ડરના લીધે કોઈ સાથે સંદેશાવ્યવહાર નથી કરી રહ્યા કેમ કે તેમનું સિગ્નલ ટ્રૅક થવાથી તેમનું લૉકેશન પકડાઈ શકે છે. ઈઝરાયલનાં સંરક્ષણ અને સુરક્ષા સંસ્થાનોમાંના ઘણા લોકો માને છે કે કેદીઓની અદલાબદલીના ભાગ રૂપે સિનવારને જેલમાંથી બહાર કાઢવા એ ઘાતક ભૂલ હતી. ઈઝરાયલીઓ માને છે કે, તેઓને સલામતીની ખોટી ભાવનામાં ફસાવવામાં આવ્યા હતા કે હમાસને આર્થિક પ્રોત્સાહનો અને વધુ વર્ક પરમિટો ઑફર કરીને યુદ્ધ માટેની એ લોકોની ભૂખને ઠારી દેવામાં આવશે.

# સપ્તપદીના સાત ફેરા અને એનાં વચન પ્રત્યે પતિ અને પત્ની બંને દ્રઢ બને તો તુટતી જતી લગ્ન સંસ્થાને બચાવી શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

તુલસી વિવાહનો તહેવાર પુરો થતાં, હવે સગાં સંબંધીઓમાં લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, અને આપણને પણ એવાં કેટલાંય ઈન્વિટેશન આવ્યાં હશે! મોટેભાગે અત્યાર ના લગ્ન જોઈને વડીલોના મોઢા બગડતા હોય છે કે, આને કંઈ લગ્ન કહેવાય! ન વિધિ નું મહત્વ ન સમય નું મહત્વ! બસ ફેશન શો યોજાયો હોય એમ બધાં નવા નવા વેશ ધારણ કરીને ફોટો સેશન કરવામાં પડ્યા હોય છે. લગ્ન કરનાર ને સપ્તપદીના સાત ફેરા અને એનાં વચન વિશે ન કોઈ જાણકારી છે કે, ન નિભાવવાની કોઈ તૈયારી! પણ સાવ એવું નથી હોતું! પણ સહનશીલતા ઘટી છે, એ એક હકીકત છે. એટલે મોટેભાગે આજકાલની પેઢી લગ્ન બાબત બહુ ગંભીર પણ નથી! એ સત્ય પણ સ્વીકારવું રહ્યું. પણ સપ્તપદીના સાત ફેરા અને એનાં વચન પ્રત્યે પતિ પત્ની બંને દ્રઢ બને તો તુટતી જતી લગ્ન સંસ્થાને બચાવી શકાય. શ્રદ્ધા અને વિશ્વાસના લગ્ન થઈ રહ્યા હતાં, ગોર મહારાજ મંત્રોચ્ચાર કરતા હતાં. સગાવહાલાઓ ફુલ થી બંનેને શુભ આશિષ આપી રહ્યા હતાં. બંને જણા મંગલ ફેરા ફરી સપ્તપદીના વચનોથી આજીવન બંધાઈ રહ્યા હતાં. એકમેકને સદા સાથ આપવાના અને સુખ દુઃખમાં સંગ રહેવાનું અમુલ વચન પણ તેમણે આપ્યું. આમ અતિ ઉત્સાહથી લગ્ન કાર્યક્રમ સંપન્ન થયો, જાનૈયાઓએ શ્રદ્ધાની ખૂબ મશ્કરી પણ કરી, અને વિશ્વાસ એ તેનો બચાવ કરી પતિ હોવાની ફરજ પૂરી કરી, તો શ્રદ્ધા એ પણ સમર્પણ કરી સદા જીવન સંગીની બની રહેશે, એવા કોલ આપ્યા. લગ્ન બાદ થોડા જ સમયમાં બંનેએ પોતાનું કામ કરવાનું, એટલે કે સર્વિસ પર જવાનું શરૂ કર્યું. નાના-મોટા ગૃહસ્થીના ખટરાગ શરૂ થયાં. પરંતુ કોઈવાર વિશ્વાસ વિશ્વાસ બતાવે, અને કોઈવાર શ્રદ્ધા, શ્રદ્ધાથી આ સંબંધ સંભાળી લે, એમજ લગ્નને લગભગ પાંચ વર્ષ થઇ ગયાં. ખટમીઠા સંભારણાનો આ સમય વાગોળવા નો પણ એક લ્હાવો હોય છે, જે તેઓ ઘણીવાર મિત્રો સમક્ષ આવી વાતનો ખુલાસો કરી લેતાં હતાં. એક દિવસ શ્રદ્ધાને સવારના પહોરમાં ઉલ્ટી ઉપર ઉલ્ટી થવા લાગી, અને તેને અત્યંત બેચેની થતી હતી.

બંને જણા ને કંઈ સમજાયું નહીં, એટલે ડોક્ટર પાસે ગયા, ડોક્ટરે ખુશીના સમાચાર આપ્યા કે તમે માતા-પિતા બનવાના છો. પાંચ વર્ષનો સમયગાળો જતો રહ્યો હોવાથી બંને રાજી પણ થયા. શ્રદ્ધા મા બનવાની આનંદની અનુભૂતિમાં દિવસો પસાર કરતી હતી. એવામાં એક દિવસ સ્કૂટર ઉપર નાનો એવો તેનો એક્સિડન્ટ થયો, અને પગ લપસી ગયો. તાત્કાલિક હોસ્પિટલમાં જઈ ચેકઅપ કરાવ્યું, ડોક્ટરે કહ્યું કે પરિસ્થિતિ નોર્મલ છે, અને એને અંદર કોઈ તકલીફ થઇ નથી, એટલે તેને હાશકારો થયો. પરંતુ આ દિવસ પછી તેને સતત દુખાવો રહેતો હતો, અનુભવીઓ એ કહ્યું, કે એ તો મહિનો બદલાય એટલે કંઈ કંઈ તકલીફ થાય, અને બીજા બે મહિના આ રીતે ચાલ્યા ગયા.

રૂટીન ચેકપમાં સોનોગ્રાફી થતાં ખબર પડી, કે બાળકને બ્રેઈનમાં તકલીફ થઈ છે, અને તે નોર્મલ નથી. પરંતુ તકલીફ ત્યાં હતી, કે હવે એબોર્સન થઈ શકે તેમ ન હતું. કારણ કે પિરિયડ ઘણો લાંબો થઈ ગયો હતો, હવે બાળકને જન્મ આપ્યા વગર ચાલે તેમ ન હતું. ડોક્ટરના કહેવા મુજબ બાળક જન્મીને તરત પણ મૃત્યુ પામે, કદાચ છેલ્લી અવસ્થામાં મૃત્યુ પામીને પણ જન્મે, કે પછી થોડો સમય જીવી અને પછી પણ મૃત્યુ પામે, અથવા તો લાંબુ જીવન પણ આ રીતનું જ તેને વિતાવવું પડે. ટૂંકમાં બાળક વિશે કોઈ નિશ્ચિતતા હતી નહીં, અને તેને એબ નોર્મલ જોઈ માતા-પિતાને એ વેદના સહન કરવાની હતી. ખરાખરીનો જંગ શરૂ થયો, એટલે કે છેલ્લા દિવસો જતાં હતા.બાળક જન્મ્યા પછી એબ નોર્મલ છે, એ ખબર પડવી અને એબ નોર્મલ જ જન્મવાનું છે એ ખબર હોવી, એ બંનેમાં બહુ ફરક છે. શ્રદ્ધા માતૃત્વના આ સમયને માણી પણ શકતી ન હતી, કે ન તે નોર્મલ રહી શકતી હતી. શ્રદ્ધાની તબિયત દિવસે દિવસે વધુને વધુ ખરાબ થતી જતી હતી, અને ક્યાંક ને ક્યાંક તે પોતાની જાતને પણ દોષી સમજતી હતી, કે તેને કારણે તેનું બાળક આ રીતે જ જન્મશે, અથવા તો મૃત્યુ પામશે. વિશ્વાસની હાલત પણ બહુ સારી ન હતી, તેને પણ માનસિક સંતાપ રહેતો હતો, કે આ બાળકને તે કેમ ઉછેરશે!! કેટલો આર્થિક ખર્ચ થશે, અથવા તો એબ નોર્મલ બાળકને કારણે સમાજમાં એ ટીકાને પાત્ર બનશે, તેની પર્સનાલિટી ડાઉન થઈ જશે, વગેરે વગેરે જુદા પ્રકારની ભાવના તેને થતી હતી. અંતે એ દિવસ આવી ગયો, અને શ્રદ્ધાએ એક માસુમ દિકરીને જન્મ આપ્યો, જેનું માથું પાછળથી થોડું જુદું પડી ગયું હોય એ રીતે ખેચાયેલુ હતું.માનવી શરીરમાં બે મહત્વના અવયવ છે,એક હદય,અને બીજું મગજ, હવે આ બે માંથી એકમાં જો ખામી હોય તો પુરું થયું,એ રીતે આ નાની દીકરીને પણ ખોટ હતી. ધીરે ધીરે બાળકી મોટી થવા લાગી અને શ્રદ્ધા એ એનું નામ ભાવિ પાડ્યું. પરંતુ શ્રદ્ધા ને પતિના વ્યવહારમાં પહેલા જેવો પ્રેમ અનુભવાતો ન હતો. એ વારે વારે આ બાળકીને અપશુકનિયાળ કહેતો હતો. પતિના આવા વ્યવહારથી પહેલા તો શ્રદ્ધા ખૂબ જ રડી, પરંતુ તેણે બહુ વિચાર્યું કે આ રીતે તેને પરાણે આ સંબંધમાં ઢસડવો એ યોગ્ય નથી. આથી તેણે પોતાના પતિને કહી દીધું કે હું તને છૂટાછેડા આપવા માંગુ છું, અને, જેથી તું તારું જીવન સ્વતંત્રતાથી જીવી શકે, શ્રદ્ધાની તબિયત દિવસે દિવસે વધુને વધુ ખરાબ થતી જતી હતી, કેટલો આર્થિક ખર્ચ થશે, અથવા તો એબ નોર્મલ બાળકને કારણે સમાજમાં એ ટીકાને પાત્ર બનશે, તેની પર્સનાલિટી ડાઉન થઈ જશે, વગેરે વગેરે જુદા પ્રકારની ભાવના તેને થતી હતી. તારે પરાણે આ સંબધ વેઠવાની જરૂર નથી. વિશ્વાસને તો એટલું જ જોઈતું હતું, એણે તરત જ વાત સ્વીકારી લીધી. કોર્ટ કાર્યવાહી પતી ગઈ, અને શ્રધ્ધા વિશ્વાસ બંને જે એકબીજાના સુખ દુઃખમાં સાથ આપવાના વચનથી બંધાયેલા હતા એમાંથી મુક્ત થયા.

આજે તો એ વાતને પણ દસ વર્ષ થઈ ગયાં, શ્રદ્ધા નું ભાવિ, ભાવિ થકી ઉજળું હતું. હવે તો તેની તબિયતમાં પણ ઘણો સુધારો હતો. એક નર્વ એની ખેંચાયેલી હતી,એ હરિદ્વારમાં આવેલા કનખલ સ્થિત ત્યાંના યોગ સેન્ટરના પ્રખર જ્ઞાની દ્વારા તેની ટ્રીટમેન્ટ ચાલતી હતી. છ મહિનાના અથાક પ્રયત્નોથી ભાવિ લગભગ નોર્મલ બની ગઈ, હવે એ ફક્ત શારીરિક વૃદ્ધિની રીતે થોડી કુપોષિત હતી.જે ટોનિક દવા અને ખોરાકથી સરખું થઈ જશે એવું કહ્યું. શ્રદ્ધા એ જી જાન લગાવી ને ભાવિ નું ભાવિ ઉજ્જ્વળ બનાવ્યું, અને આજે ભાવિ એકદમ તંદુરસ્ત છે.આમ તેણે પોતે એક સારી પત્નીનુ વચન નિભાવ્યું. ઉપરાંત એક માતા તરીકે પોતાના ગર્ભમાં રહેલ એબ નોર્મલ દિકરીને આપેલું વચન કે હું તને નોર્મલ બનાવી ને જ રહીશ,એ પણ નિભાવ્યું. મિત્રો આજકાલ આ સમસ્યા હવે મોટાપ્રમાણમાં ઉદભવતી જોવા મળે છે, અને આવા નાના કારણોસર એક બાળકને આખી જિંદગી એબ નોર્મલ તરીકે વિતાવવાનો વારો આવે છે, હકીકતમાં જેમાં કોઈનો દોષ હોતો નથી, અને કદાચ એટલે જ આપણે ત્યાં સગર્ભા સ્ત્રીઓ માટે અમુક રૂઢી કે પરંપરાગત રિવાજ નક્કી કરવામાં આવ્યા છે,પણ અત્યારની પેઢીને એ અનુસરવાનું ગમતું નથી. આ વાર્તાની નાયિકા શ્રદ્ધાની જેમ બધી સ્ત્રીઓ પગભર અને આત્મવિશ્વાસથી ભરેલી પણ હોતી નથી, એવાં સંજોગોમાં એ બાળક કારણ વગર આખી જીંદગી અપંગ કે નિઃસહાય બની જીવે છે.

# આવતીકાલે તા.૩૦મી નવેમ્બર ૨૦૨૩ના આપણી એક રૂપિયા ની ચલણીનોટ એકસો છ વર્ષની થશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા







રાજ્યમાં કમોસમી વરસાદની અસર અત્ર તત્ર સર્વત્ર જોવા મળી ક્યાંક વીજળી પડી તો કૃષિ ક્ષેત્રે નુકસાની સાથે માનવ અને પશુ પર વીજળી પડતાં ૧૯ જેટલા માનવ અને પચ્ચાસ પશુ મોત થયા તો રાજસ્થાન સહિત કેટલાક રાજયની વિધાનસભાની ચૂંટણી એક કે બે તબક્કામાં પૂરી થઈ કે થાશે હવે ત્રીજી ડીસેમ્બરના રોજ પરિણામ જાહેર થશે. ભારતીય ચૂંટણી પંચની કડકાઈ ની જાણ પ્રજાને ચુંટણી કમિશ્નર ટી.એન. શેષાનના ફુફાડાથી પડી તેમ રાષ્ટ્રીય ચલણ અને બેંકોનું મહત્વ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠમી નવેમ્બર ૨૦૧૬ના રાત્રે આઠ વાગે રૂ.૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટ હવે લીગલટેન્ડર નહીં રહેગી.

ઘોષણા માથે જાહેરાત કરતાં ભારતીય ચલણ અને બેંકોનું મહત્વ પ્રજાને સમજાયું. ૫૦ દિવસ સુધી દેશમાં જે અફડા તફડીનો માહોલ જોવા મળ્યો તેની કળ પ્રજાને છ વર્ષ વિત્યા છતાં વળી નથી ત્યાં બે હજારની નોટ બંધ થઈ. મંદીની મહાથપાટ સર્વત્ર જોવા મળે છે ત્યાં આવતી કાલે તા.૩૦મી નવેમ્બર ૨૦૨૩ના રાજયમાં દિવાળી વેકેશનની પૂર્ણાહુતિ સાથે બીજા શૈક્ષણિક સત્રનો શુભારંભ થશે તેની સાથે ભારતીય એક રૂપિયાની ચલણી નોટ એકસો છ વર્ષની થશે ત્યારે તેને હેપી બર્થ ડે કહીને નવા જવી તો પડે ને ?એક રૂપિયાની નોટ ભારત સરકાર બહાર પાડે છે. અને રૂપિયા બે થી માંડીને બે હજાર સુધીની ચલણી નોટ ચલણ માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા. એકની ચલણી નોટ પર ભારત સરકારના નાણાં સચિવ, જયારે રૂપિયા બેથી માંડીને બે હજારની નોટ પર રિઝર્વ બેંકના ગવર્નરની સહી થાય છે. (બે હજારની નોટ સપ્ટેમ્બર-૨૦૨૩થી બંધ)૧૯૮૫ સુધીનો એક,બે, પાંચ, દશ,વીસ પચ્ચીસ પચાસ પૈસાનું ચલણ બહુ રાજી ખુશીથી વ્યવહારમાં ચાલતું હતું પરંતુ લોક સેવકોની પ્રતિષ્ઠાની જેમ મોંઘવારી એટલી ઝડપથી વધવા લાગી કે આ બધી ચિલર પરચુરણ ગાયબ થઈ તેમ તેમ પ્રજાની હેરાન ગતિ- ટેક્સની આંટીઘુંટી વધવા લાગી એક રૂપિયાની કિંમત કોડીની ન રહીને ડોલર ડુંગર જેવડો બનતો ગયો.

એક રૂપિયાના આવતીકાલે તા.૩૦મી નવેમ્બર-૨૦૨૩ ૧૦૬મો જન્મ દિવસ ઉજવવાની છે ત્યારે તેની કુંડળી તો જોઈએ. ભારતમાં એક રૂપિયાની નોટ તા.૩૦/૧૧/૧૯૧૭ જયોર્જ પાંચમાના સમયે બહાર પાડવામાં આવી હતી. તેના પર જયોર્જ પાંચમાનો જ ફોટો હતોને નોટ નંબર અને ભારત સરકારના અધિકારીની રહી હતી.આ નોટ ઈંગ્લેન્ડમાં છાપવામાં આવી હતી. ૧૯૧૭માં પ્રિન્ટ થયેલી આ નોટનો ઉલ્લેખ રાજસ્થાનના કિશોર નઝર વાળાના પુસ્તકમાં પુર પણ છે.

રાજસ્થાનના કોટા જિલ્લાના નોટ સિકકાના સંગ્રહકર્તા શુભમ લોઢા પાસે દેશમાં અત્યાર સુધી પ્રિન્ટ થયેલી રૂયિા એકની દરેક પ્રકારની નોટોના સંગ્રહ છે.તેમની પાસે ૧૯૪૦ માં બ્રિટિશ સરકાર દ્વારા પ્રિન્ટ કરાયેલ એક રૂપિયાની નોટ પણ છે.નોટ સંગ્રહ કર્તા શુભમે એવું જણાવ્યું હતું કે, ૧૯૫૭થી માંડીને આજ સુધી એક રૂપિયાની નોટ ની ડિઝાઈન ૧૫ વખત બદલવામાં આવી છે. એક નોટ નિષ્ણાત અને સંશોધક ડોક્ટર એસ.કે.રાઠી જણાવે છે કે ૧૯૧૭ પહેલાં મહારાણી વિક્ટોરિયા તથા કિંગ એડવર્ડના સમયમાં એક રૂપિયાની નોટ પ્રસિધ્ધ કરી શકાતી ન હતી .૧૯૯૪ સુધી એક રૂપિયા ની નોટ ચલણમાં ઓછી હતી તેથી કેન્દ્ર સરકારે તેનું પ્રિન્ટીંગ બંધ કરાવી દીધું હતું.૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક રૂપિયા ની નોટનું પ્રિટીંગ ચાલુ કરાવ્યું છે.આ નોટનું પ્રિન્ટીંગ કામ ચાલ છે જેની પર ગાંધીજીના ચશ્મા અને સ્વચ્છ ભારત લખેલું છે.

એક રૂપિયાની નવી જાહેર કરેલી નોટનો રંગ ગુલાબી અને લીલો છે.જૂની નોટ ઈન્ડીગો બની હતી તેની સૌથી ઉપર ભારત સરકાર અને નીચે ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા છપાયેલું છે.બાકી બધી નોટ પર ભારતીય રિઝર્વ બેંક અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા છપાયેલું હોય છે.બાકી બધી નોટ પર ભારતીય રિઝર્વ બેંક અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા છપાયેલું હોય છે . ૧૯૧૭માં ઈંગ્લેન્ડમાં એક રૂપિયા ની છપાયેલી નોટ હાથ બનાવટના પૈપરથી બનેલી હતી,તેના પર વોટરમાર્કની બે વેરાઈટી હતી. તે સમયે આવી નોટ બ્રિટિશ ઈસ્ટ આફ્રીકા (જે આજે કેન્યા,યુગાન્ડા તથા તાનઝાનીયા છે.)માં ચાલતી હતી. તેના પર એમએમ એસ યબ્બેની સહી હતી. જયોર્જ પાંચમાના સમયમાં પાંચ અલગ અલગ વિભાગના અધિકારીની સહીથી આ નોટ ચલણમાં મુકવા માં આવી હતી.જયોર્જ છઠ્ઠાના સમયમાં માત્ર એક અધિકારીની સહીવાળી નોટ ચલણમાં મુકાઈ હતી.જેના પર સી.ઈ. જોન્સની સહી હતી. આ નોટ ૧૯૫૭માં પાછી ખેંચી લેવાઈ હતી.

દેશ આઝાદ થયા પછી ૧૯૪૯થી ૨૦૧૫ સુધી ૧૯ અધિકારીઓની સહીથી એક રૂપિયાની નોટ ચલણ માં મુકવામાં આવી. આવતીકાલે ૩૦મી નવેમ્બર ૨૦૨૩ના રોજના ગુજરાતમાં કમોસમી વરસાદ વચ્ચે શાળા કોલેજમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.. આપણી મોઘવારીમાં લુપ્ત થયેલી છતાં વહાલી લાગતી એક રૂપિયા ની નોટ તેનો ૧૦૬મો જન્મ દિવસ ઉજવશે ત્યારે **HAPPY BIRTHDAY TO MY DEAR ONE RUPEE NOTE** ને આશિવાદ મેળવીએ કે આઝાદ ભારતમાં મોંઘવારીનો દાનવ હણાયને તારો અત્ર તત્ર સર્વત્ર જય જયકાર થાય સર્વજનોના ગજવામાં નિવાસ થાય એક ડોલર ની હરોળમાં જ તારું સ્થાન થાય હવે તારો જમાનો પાછો આવે તેવી આઝાદ રાષ્ટ્રના દેશપ્રેમી લોકસેવકોને વિનંતી કરીએ.

# તમે મને ટુવાલમાં મારશો તે મને બિલકુલ પસંદ નથી





। નવી દિલ્હી, તા.૨૮ ।

અભિનેત્રી કેટરીના કેફ છેલ્લા કેટલાક દિવસોથી માત્ર અને માત્ર ફિલ્મ 'ટાઈગર ૩'ના કારણે ચર્ચામાં છે. કેટરીનાએ ફિલ્મમાં ઘણા બધા એક્શન્સ સીન્સ આપ્યા છે. ફિલ્મમાં કેટરિનાએ આપેલા એક્શન સીન પણ ચાહકોને પસંદ આવ્યા છે. પરંતુ ફિલ્મના એક સીનને કારણે કેટરીના ચર્ચાનો વિષય બની હતી. ફિલ્મ 'ટાઈગર ૩'માં અભિનેત્રીએ ટુવાલમાં એક એક્શન સીન શૂટ કર્યો છે. ફિલ્મના ટ્રેલર બાદ અભિનેત્રીનો ટુવાલમાં એક્શન સીન ચર્ચામાં છે. અભિનેતા વિકી કૌશલે કેટરીનાના ટુવાલ સીન પર પ્રતિક્રિયા આપી છે. હાલમાં દરેક જગ્યાએ માત્ર અને માત્ર વિકી કૌશલના રિએક્શનની ચર્ચા થઈ રહી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં વિકીએ કેટરિનાના ટુવાલ સીન પર મૌન તોડ્યું હતું. અભિનેતાએ કહ્યું, 'હું ફિલ્મની સ્ક્રીનિંગ માટે ગયો હતો. ત્યારે અમે ફિલ્મ જોઈ રહ્યા હતા. જ્યારે કેટરિનાનો ટુવાલ વાલા સીન આવ્યો ત્યારે મેં તેને કહ્યું હતું કે, આજ પછી હું તારી સાથે ક્યારેય દલીલ નહીં કરું. તમે મને ટુવાલમાં મારશો તે મને બિલકુલ પસંદ નથી. તેની પત્નીના વખાણ કરતાં અભિનેતાએ કહ્યું, 'કેટરિનાએ સીન સાથે ન્યાય કર્યો છે. મેં તેને કહ્યું કે તું બોલિવૂડની શ્રેષ્ઠ એક્શન અભિનેત્રી છે. મને કેટરીનાની મહેનત પર ગર્વ છે. તેને જોઈને મને હંમેશા પ્રેરણા મળે છેપ' વિકી અને કેટરિના સતત એકબીજાના વખાણ કરતા જોવા મળે છે. વિકી અને કેટરિના પણ સોશિયલ મીડિયા પર એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતા જોવા મળે છે. બંનેના ચાહકોની સંખ્યા પણ મોટી છે. એટલું જ નહીં, વિકી-કેટરિના હંમેશા ફેન્સને કપલ ગોલ આપતા જોવા મળે છે. આ સિવાય વિકી અને કેટરીના પણ પરિવાર સાથે સમય પસાર કરતા જોવા મળે છે. ચાહકોમાં કેફ અને કૌશલના પરિવારની પણ ચર્ચા છે. વિકી કૌશલે પણ અત્યાર સુધી ઘણી ફિલ્મોમાં મહત્વની ભૂમિકાઓ ભજવીને ચાહકોનું મનોરંજન કર્યું છે. પરંતુ હવે ફેન્સ વિકીની 'સેમ બહાદુર' ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ ૮ ડિસેમ્બરે રિલીઝ થશે. આ ફિલ્મ મેઘના ગુલઝારે ડિરેક્ટ કરી છે. અભિનેતાએ ફિલ્મમાં ફિલ્ડ માર્શલ સેમ માણેકશોની ભૂમિકા ભજવી છે.

# બ્લેક ગોગલ્સ અને બ્લેક ડ્રેસમાં નેહા મલિકના લુકથી ફેન્સ થયા દિવાના

## તસવીરોમાં તમે જોઈ શકો છો કે નેહાએ બ્લેક શોર્ટ ડ્રેસ પહેર્યો છે, આ સાથે તેણે બ્લેક ગોગલ્સ પહેર્યા છે



। મુંબઈ, તા.૨૮ ।

નેહા મલિકના લેટેસ્ટ લુકને જોતા એવું કહેવું ખોટું નહીં હોય કે ચાંદ આકાશ પરથી પૃથ્વી પર આવી ગયો છે. તેની લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. તે જ સમયે, ચાહકો પણ તેના લુકથી પ્રભાવિત છે. નેહા મલિકે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર તેની કેટલીક તસવીરો શેર કરી છે, જેને જોઈને તમે પણ તેના દિવાના થઈ જશો. નેહાનો બ્લેક લુક લોકોના હોશ ઉડાવી રહ્યો છે. તેની તસવીરો પર તેના ફેન્સ તરફથી લાઈક્સ અને કોમેન્ટ્સ સતત આવી રહી છે. તમને જણાવી દઈએ કે આ પહેલીવાર નથી જ્યારે નેહા મલિકે પોતાની તસવીરોથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હોય. તે દરરોજ પોતાની સ્ટાઈલથી લોકોના દિલ ઘાયલ કરે છે. નેહાના ફેન્સ દરેક તસવીર પર નજર રાખે છે. તસવીરોમાં તમે જોઈ શકો છો કે નેહાએ બ્લેક શોર્ટ ડ્રેસ પહેર્યો છે. આ સાથે તેણે બ્લેક ગોગલ્સ પહેર્યા છે જે તેના લુકને કમ્પ્લીટ કરી રહ્યા છે. આટલું જ નહીં તેણે બ્લેક કલરની હાઈ હીલ્સ પણ પહેરી છે જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. નેહા મલિક ભોજપુરી જગતની એવી કેટલીક અભિનેત્રીઓમાંની એક છે જેણે ઈન્ડસ્ટ્રીની મોટી અભિનેત્રીઓ સાથે સ્ક્રીન શેર કરી છે. ફિલ્મોની સાથે નેહાએ ઘણા આલ્બમ ગીતો પણ કર્યા છે, જે લોકોમાં ખૂબ વાયરલ થયા છે.







# ફિલ્મફેર ઓટીટી એવોર્ડ્સમાં આલિયા અને વિજયનો જલવો જોવા મળ્યો હતો

## આ એવોર્ડ્સમાં આલિયા ભટ્ટ, મનોજ બાજયેઇ, રાજ કુમાર રાવ, વિજય વર્મા જેવા અનેક કલાકારોએ પુરસ્કાર પોતાને નામે કરી લીધો હતો

। નવી દિલ્હી, તા.૨૮ ।

ફિલ્મફેર ઓટીટી એવોર્ડ્સમાં સિતારાઓનો જલવો જોવા મળ્યો. અનેક બોલિવૂડ સિતારઓએ એવોર્ડ્સ પોતાને નામે કરી લીધો છે. આ સિતારાઓના લિસ્ટમાં આલિયા ભટ્ટથી લઈને મનોજ બાજપેઈ અને રાજ કુમાર રાવ જેવા અનેક સ્ટાર્સના નામ શામેલ છે. આલિયા ભટ્ટે એના વેબ ડેબ્યૂ ડાર્લિંગ્સની સાથે ફિલ્મફેર ઓટીટી એવોર્ડ્સમાં મોટી જીત હાંસિલ કરી લીધી છે. મનોજ બાજપેઈ પણ આ એવોર્ડમાં શામેલ હતા. મનોજ બાજપેઈને સિર્ફ એક બંદા કાફી હૈમાં સારામાં સારું પ્રદર્શન કરવા માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર મળ્યો. આ વર્ષે એના ડિઝિટલ ડેબ્યુ કરનાર સોનમ કપૂર પણ આ સિતારાઓથી ભરેલા કાર્યક્રમનો હિસ્સો બની હતી. રવિવારની રાત્રે આયોજિત થયેલા ફિલ્મફેર ઓટીટી કાર્યક્રમમાં એઝાઝ ખાન, પ્રતીક ગાંધી, રાધિકા મદાન, રાજકુમાર રાવ, ભાગ્યશ્રી, અવંતિકા દસાની, દીયા મિર્ઝા, જેકી શ્રોફ અને કરિશ્મા તન્ના સહિત બીજા પણ અન્ય લોકો જોવા મળ્યા. આ એવોડ્સમાં આલિયા ભટ્ટ, મનોજ બાજયેઈ, રાજ કુમાર રાવ, વિજય વર્મા જેવા અનેક કલાકારોએ પુરસ્કાર પોતાને નામે કરી લીધો છે કરિશ્મા તન્ના અભિનીત હંસલ મહેતાની સ્કૂલને સર્વશ્રેષ્ઠ સિરીઝનો પુરસ્કાર મળ્યો, જ્યારે ટ્રાયલ બાય ફાયરને સર્વશ્રેષ્ઠ શ્રીરીજ ક્રિટિક્સનો પુરસ્કાર મળ્યો. વિક્રમાદિત્ય મોટવાને જુબલી માટે સર્વશ્રેષ્ઠ નિર્દેશક વેબ સીરીઝનો પુરસ્કાર જીત્યો અને રણદીપ ઝાએ સર્વશ્રેષ્ઠ નિર્દેશનક ક્રિટિક્સનો પુરસ્કાર જીત્યો. વિજય વર્માએ પુરુષ શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ અભિનેતા સિરીઝનો પુરસ્કાર જીત્યો.

# બિગ બોસ ૧૫ની કન્ટેસ્ટન્ટ, શમિતા શેટ્ટીને ધબકારા વધે છે



। મુંબઈ, તા.૨૮ ।

બિગ બોસ ૧૫ની કન્ટેસ્ટન્ટ શમિતા શેટ્ટી ૪૪ વર્ષની છે. તેણે પેરિમેનોપોઝ નામની સ્થિતિ અંગે જાગૃતિ ફેલાવતો એક વિડીયો શેર કર્યો છે. મોહબ્બતેં ફિલ્મની એક્ટ્રેસે એક વિડીયો શેર કર્યો છે. જેમાં તેણે જણાવ્યું કે, મૂડ સ્વિંગ્સ, અચાનક વજન વધવા સહિતની કેટલીય સમસ્યાઓથી પીડિત હતી. આ બધા જ પેરિમેનોપોઝના લક્ષણો હતા. આ એવી સ્થિતિ છે જેનાથી કેટલીય મહિલાઓ અજાણ હોય છે અને જો ખબર હોય તો તેના વિશે વધુ વાત નથી. વિડીયોમાં શમિતા શેટ્ટી કહે છે કે, તમારામાંથી કેટલી મહિલાઓ એકાએક વજન વધવાથી પીડિત છે? તમે એક જ પ્રકારનું ભોજન લો છો, એકસરખી કસરત કરો છો પણ તેની અસર નથી થતી. મારી ભૂખ વધી ગઈ છે, મૂડ બદલાયા કરે છે, ધૂંધળું દેખાય છે, ધબકારા વધી જાય છે. એટલા બધા લક્ષણો છે કે મને બીક લાગતી હતી. મને લાગ્યું કે આ મને એકલીને જ થાય છે પરંતુ એવું નહોતું. મેં મારી ઉંમરની કેટલીક ફ્રેન્ડ્સ સાથે વાત કરી તો તેમણે પણ ધૂંધળું દેખાવું, વજન વધવું અને વધારે ભૂખ લાગવાના લક્ષણો અંગે વાત કરી હતી. આ વિશે મેં ઈન્ટરનેટ પર સર્ચ કરવાનું શરૂ કર્યું તો મને એક આર્ટિકલ મળ્યો જેમાં પેરિમેનોપોઝ વિશે વાત કરવામાં આવી હતી. શમિતાએ આગળ કહ્યું, પેરિમેનોપોઝ શું હોય છે તે હું નહોતી જાણતી. મેં વિચાર્યું કે એક ઉંમર પછી આપણે આ સ્થિતિમાંથી પસાર થઈએ છીએ. પરંતુ શું તમને ખબર છે કે, મેનોપોઝના ૧૦ વર્ષ પહેલા જ પેરિમેનોપોઝનો તબક્કો આવી જાય છે? મહિલાઓ માટે આ પરિસ્થિતિ મુશ્કેલ હોય છે. આપણે પીરિયડ્સ જોઈએ છીએ, પીએમએસનું ધ્યાન રાખીએ છીએ, આપણે બાળકને જન્મ આપીએ છીએ અને કેટલાય હોર્મોનલ પરિવર્તનમાંથી પસાર થઈએ છીએ. આ બધી જ બાબતો સાથે હવે પેરિમેનોપોઝનું નામ પણ લિસ્ટમાં જોડાઈ ગયું છે. શમિતાના કહેવા પ્રમાણે, આ મામલે જાગૃતિ ફેલાવવી જોઈએ. મને ખાતરી છે કે, કેટલીય મહિલાઓ આ વિશે નહીં જાણતી હોય. મને પણ નહોતી ખબર. આપણે આ વિશે વધુને વધુ વાત કરવી અને એકબીજાને મદદ કરવી જોઈએ. હોર્મોનલ પરિવર્તનને કારણે મહિલાઓને આ બધું થાય છે. હું આમાં એકલી નથી. જોકે, આ મુદ્દે આપણે હજી વધારે વાત કરવાની જરૂર છે. મજાક ઉડાવતા કેટલાય વિડીયો બનાવાય છે પરંતુ આપણે હોર્મોનલ પરિવર્તનમાંથી પસાર થતાં હોઈએ છે, જે ગાંડા કરી નાખે એવા હોય છે.




# ૩૦૦ કરોડની કમાણી કરવામાં પણ ટાઈગર-૩ને ત્રણ અઠવાડિયા લાગી ગયા

## સલમાન ખાન અને ઈમરાન હાશમીની ફિલ્મ ટાઈગર ૩ની ૩૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચવામાં પણ ત્રણ અઠવાડિયા લાગી રહ્યા છે

। મુંબઈ, તા.૨૮ ।

બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાન અને કેટરિના કૈફની ફિલ્મ 'ટાઈગર ૩' દિવાળીના અવસરે ૧૨મી નવેમ્બરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ત્રીજા અઠવાડિયામાં ચાલી રહી છે. સલમાનની ફિલ્મ બે દિવસમાં ૧૦૦ કરોડ રૂપિયાનું કલેક્શન કરવાની હતી, પરંતુ ફિલ્મને ૩૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચવામાં પણ ત્રણ અઠવાડિયા લાગી રહ્યા છે. જોકે, હજુ આ આંકડાને સ્પર્શવાનું થોડું અંતર બાકી છે, જે બે-ત્રણ દિવસમાં પૂર્ણ થશે. હાલમાં બીજા સપ્તાહની સરખામણીએ ત્રીજા સપ્તાહમાં ફિલ્મની કમાણીમાં થોડો ઉછાળો જોવા મળી રહ્યો છે. રિલીઝના પહેલા અઠવાડિયે આ ફિલ્મે ત્રણથી ચાર દિવસ સુધી સારી કમાણી કરી હતી પરંતુ ત્યાર બાદ ફિલ્મની કમાણીમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જોકે, કમાણીના મામલામાં ફિલ્મની ગતિ હજુ થોડી ધીમી છે, પરંતુ આશા છે કે ફિલ્મ ટૂંક સમયમાં ૩૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી જશે, પરંતુ ફિલ્મ વિશ્વભરમાં સારી કમાણી કરી રહી છે. જ્યાં તે ૪૦૦ કરોડનો આંકડો પાર કરી ગઈ છે. જો સલમાન ખાન અને ઈમરાન હાશ્મીની ફિલ્મ 'ટાઈગર ૩'એ ૧૫મા દિવસે ૬.૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી અને સોમવારે ફિલ્મે ૨.૬૦ કરોડની કમાણી કરી હતી. હવે ૧૬ દિવસમાં ફિલ્મનું કુલ કલેક્શન ૨૭૩.૮ કરોડ થઈ ગયું છે. એવામાં હવે મેકર્સ અને ચાહકોને આશા છે કે ફિલ્મ થોડા દિવસોમાં ૩૦૦ કરોડનો આંકડો પાર કરી શકે છે. અગાઉ, ફિલ્મે બીજા સપ્તાહમાં માત્ર રૂ. ૬૭.૨૨ કરોડની કમાણી કરી હતી અને પ્રથમ સપ્તાહમાં રૂ. ૧૮૭.૬૫ કરોડનો આંકડો પાર કર્યો હતો. મનીષ શર્મા દ્વારા નિર્દેશિત સલમાનની 'ટાઈગર ૩' દુનિયાભરમાં ધૂમ મચાવી રહી છે. કમાણીના મામલામાં ભલે ફિલ્મ ભારતીય બોક્સ ઓફિસ પર ધીમી ચાલી રહી છે પરંતુ આ ફિલ્મે વિશ્વભરમાં જંગી કમાણી કરી છે. ફિલ્મનું વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ કલેક્શન રૂ. ૪૧૩.૭ કરોડ સુધી પહોંચી ગયું છે, જ્યારે ભારતની કુલ કમાણી રૂ. ૩૦૦ કરોડની આસપાસ છે.

# રિલીઝ પહેલાં શરૂ થઇ ગયુ એનિમલનું એડવાન્સ બુકિંગ




। મુંબઈ, તા.૨૮ ।

રણબીર કપૂર સ્ટારર 'એનિમલ' મુવી ક્યારે રિલીઝ થશે એની દર્શકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઇ ગયુ છે જેના કારણે ફેન્સનું એક્સાઈટમેન્ટ વધી ગયુ છે. જો કે હવે દર્શકો ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે સંદીપ વાંગા રેડ્ડીના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર મોટી બ્લોકબસ્ટર સાબિત થશે. આ વચ્ચે ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયુ છે. એનિમલ ૧ ડિસેમ્બરના રોજ રિલીઝ થવા માટે તૈયાર છે ત્યારે એનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયુ છે. એડવાન્સ બુકિંગને લઈને ફિલ્મ બમ્પર કમાણી કરશે એવું અનુમાન લગાવી શકાય છે. કોઈમાઈના શરૂઆતના રિપોર્ટ અનુસાર અત્યાર સુધીમાં આ ફિલ્મને ૨૩,૦૦૦ થી પણ વધારે ટિકિટ વેંચાઈ ગઈ છે. દર કલાકે ફિલ્મની ૧૦,૦૦૦ ટિકિટોનું વેંચાણ થઈ રહ્યુ છે. એનિમલ મુવીનો ક્રેઝ જોતા અને એડવાન્સ બુકિંગ પર એક નજર કરતા એવું લાગી રહ્યું છે કે ફિલ્મ પહેલાં દિવસે છપ્પરફાડ કમાણી કરશે. સૈકનિલ્ક અનુસાર એનિમલ ઘરેલુ બોક્સ ઓફિસ પર ૫૦ કરોડનું ઓપનિંગ કરી શકે છે.

# નીના ગુપ્તાએ પોતાના જીવન અંગે કર્યા ચોંકાવનારા ખુલાસા

। મુંબઈ, તા.૨૮ ।

પોતાની એક્ટિંગ ટેલેન્ટથી બોલિવૂડમાં ખાસ ઓળખ બનાવનારી નીના ગુપ્તા લોકો સમક્ષ પોતાની વાત કહેવામાં ક્યારેય સંકોચ અનુભવતી નથી. પોતાનું જીવન તે પોતાની શરતો પર અને દિલથી જીવે છે. ક્યારેક અવિવાહિત માતા તો ક્યારેક પરણિત પુરુષ સાથે લગ્ન, નીના તેના જીવનના દરેક પાસા પર નિખાલસતા સાથે વાત કરે છે. ફરી એકવાર નીનાએ પોતાના અંગત જીવન અંગે કેટલાક ખુલાસાઓ કરીને સૌને ચોંકાવી દીધા છે. નીનાએ સ્વીકાર્યું છે કે, તેણે હંમેશાં ખોટા માણસને ડેટ કર્યો. તે જ મસાબા ગુપ્તાના જીવનમાં મુશ્કેલીઓનું કારણ રહી છે. નીના ગુપ્તાનો જન્મ ૪ જૂન, ૧૯૫૯ના રોજ થયો હતો. ૬૪ વર્ષિય નીનાએ દિલ્હી યુનિવર્સિટી અને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં અભ્યાસ કર્યો છે. ફિલ્મી દુનિયામાં પોતાના પાત્રો દ્વારા ઈન્ડસ્ટ્રીમાં અલગ ઓળખ બનાવનારી નીનાને નેશનલ એવોર્ડ પણ મળી ચૂક્યો છે. આ સાથે જ તે ક્રિકેટર સર આઈઝેક વિવિયન એલેક્ઝાન્ડર રિચર્ડ્સ સાથે રિલેશનશિપમાં હતી અને બંનેની એક દીકરી મસાબા ગુપ્તા છે. નીનાએ હાલમાં જ રણવીર અલાહબાદીયાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં પોતાની પર્સનલ લાઈફ વિશે મન ખોલીને વાત કરી હતી. આ ઈન્ટરવ્યૂ દરમિયાન નીનાએ પતિ વિવેક મહેરા અંગે જણાવ્યું કે, જ્યારે હું મારા વર્તમાન પતિને મળી તો તે પહેલાથી જ પરિણીત હતા, તેમના બાળકો હતા. જેથી ઘણી બધી મુશ્કેલીઓ આવી. અમે કપલ થેરાપી લીધી. કારણ કે વાતચીત કરવી જરૂરી છે. પોતાની સાથે પણ વાતચીત કરવી જોઈએ. એટલું જ નહીં હું દીવાલ સાથે પણ વાત કરી શકું છું.'' નીનાને જ્યારે રીલેશનશિપ અંગે સલાહ આપવા અંગે કહેવામાં આવ્યું તો, તેનું કહેવું હતું કે, હું રીલેશનશિપ અંગે સલાહ આપવા માટે યોગ્ય વ્યક્તિ નથી. મેં હંમેશા ખોટા માણસને ડેટ કર્યો. પ્લીઝ મને ન પૂછશો કારણ કે હું ખૂબ જ મૂર્ખતાપૂર્ણ અને ખરાબ જવાબ આપીશ. આ દરમિયાન નીનાએ પોતાની દીકરી મસાબા ગુપ્તા વિશે પણ પોતાના મનની વાત કહી હતી. ''મારાથી ભૂલ થઈ ગઈ. જ્યારે મધુ મન્ટેના સાથે મસાબા રિલેશનશિપમાં હતી, ત્યારે તે લિવ-ઈનમાં રહેવા માંગતી હતી. પણ મારું કહેવું હતું કે, તારે લગ્ન કરવા જોઈએ. આ એક મોટી ભૂલ હતી. તેઓ અલગ થઈ ગયા. હું ભાંગી પડી હતી. ચાર્લી ચોપરા' અને 'લસ્ટ સ્ટોરીઝ ૨'માં જોવા મળી ચૂકેલી નીના આજકાલ અલગ-અલગ પાત્રો પર ફોકસ કરી રહી છે. તમને જણાવી દઈએ કે, નીનાએ ૧૯૭૭માં આમલાન કુસુમ ઘોષ સાથે લગ્ન કર્યા હતા. આ પછી તેણે ૧૯૭૮ માં તેને છૂટાછેડા આપ્યા હતા.





સંતોષ જોશી બ્યૂરોઈન ચીફ સંતરામપુર, તા.૨૮



૨૬ નવેમ્બરને રવિવારના રોજ મહીસાગર ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સંવિધાન દિવસની ઉજવણી ડૉ.આંબેડકર ચોક, લુણાવાડા મુકામે કરવામાં આવી. ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને પુષ્પાર્પણ કરવામાં આવ્યું અને બંધારણનું પૂજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે સંવિધાનના શપથ લેવડાવવામાં આવ્યા. ત્યારબાદ ઉપસ્થિત તમામ કાર્યકર્તા શ્રીઓએ મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી આદરણીય દશરથસિંહ બારીયા સર, જિલ્લા એસસી મોરચા પ્રભારી જે.વી શ્રીમાળીજી, પંચમહાલ લોકસભા પ્રભારી શ્રીમાન જીતુભાઈ અમીન, પૂર્વ જિલ્લા મહામંત્રી શ્રીમાન મૂળજીભાઈ રાણા,કાર્યાલય મંત્રી શ્રીમાન જીગરભાઈ પંડયા તથા નગર સંગઠન અને મોરચો, જિલ્લા મોરચાના હોદ્દેદાર શ્રીઓ તથા કાર્યકરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જિલ્લાના ઝાલોદ નજીકથી વિશાળ યુરેસીયન ગીધને રેકસ્યુ કરી પ્રકૃતિ મીત્ર મંડલ દાહોદ ખાતે લવાયો



। ઝાલોદ, તા.૨૮ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ નજીક જંગલ માંથી બે ભાન અવસ્થામાં પડેલ વિસાળ યુરેશિયન ગીધને પ્રકૃતી મીત્ર મંડળના સભ્યોએ રેસ્ક્યુ કરી પ્રકૃતિ મીત્ર મંડળ દાહોદ ખાતે લાવી એની સારવાર હાથ ધરી દુર્લભ ગણાતું આ પક્ષી હિમાલયના પટ્ટામાં તિબેટ પઠાર, ભુતાન તેમજ નેપાળના કેટલાક પ્રદેશોમાં જોવા મળે છે. ખૂબ ઊંચાઈએ ઉડતાં આ ગીધ ઘણી વખત ઉડતા ઉડતા ગુજરાત સહિતના પ્રાંતોમાં પણ આવી જાય છે. તે રીતે દાહોદ આવેલ આ પક્ષી અનાયાસે દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળનું મહેમાન બનવા પામ્યું છે. આ પક્ષી લુપ્ત થતી પ્રજાતિઓમાંનું એક છે.

ગુજરાતી ભાષામાં ઉજળો ગીધ તરીકે ઓળખાતું આ યુરેશિયન ગીધ લુપ્ત થઈ રહેલી પ્રજાતિઓમાંનું એક છે. દાહોદ પંથકમાં છેલ્લે આ ગીધ ૨૦૦૫ માં જોવાયું હતું. હાલમાં તેની સારવાર અને માવજત સરસ રીતે લેવાતા તે પ્રકૃતિ મીત્ર મંડળ ખાતે પુનઃ સ્વસ્થ બની રહ્યું છે. આ ગીધ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે પછી તેને ખુલ્લા આકાશમાં મુકત રીતે ઉડતું મુકી દેવામાં આવશે. હોવાનું પ્રકૃતિ મીત્ર મંડળના અગ્રણીઓ દ્વારા જણાવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

# બારડોલી તાલુકાના વઢવાણિયા અને નસુરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથનું ભવ્ય સ્વાગત

### કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું

। બારડોલી, તા.૨૮ ।



ભારત સરકાર અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ ગામે ગામ સુધી પહોચે તેવા આશયથી સુરત જિલ્લાના બારડોલી તાલુકાના વઢવાણિયા અને નસુરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ દસમાં દિવસે ગામે આવી પહોંચ્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ વિભાગોની યોજનાઓ જેવી કે પોષણ અભિયાન, કુપોષણ મુક્ત ભારત અને એનિમિયા, પી.એમ કિસાનવય યોજના,કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના,અટલ પેન્શન યોજનાઓ બાબતે વિસ્તૃત માહિતી વિવિધ શાખાઓ દ્વારા પુરી પાડવામાં હતી. ICDS બારડોલીના ઈન્ચાર્જ CDPOશ્રી, કર્મચારી અને કાર્યકર દ્વારા મિલેટ અને THRનો ઉપયોગ કરી વિવિધ વાનગીઓનું પ્રદર્શન કરવામાં કરી તેનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન કાર્ડ અને પીએમ-કિશાનના લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મિશન મંગલમ્ યોજના હેઠળ સખીમંડળની બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. ખેતીવાડી શાખા દ્વારા ડ્રોન ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું. 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના અને આઈસીડીએસના લાભાર્થી દ્વારા મેળવેલા લાભની સાફલ્યા ગાથા રજુ કરવામાં આવી હતી. વઢવાણિયા ગામ ખાતે પુરવઠા અધિકારી બારડોલીશ્રી રઘુવીરભાઈ, સરપંચશ્રી અમીનાબેન જિગ્નેશભાઈ ચૌધરી, ઉપસરપંચ જીગ્નેશભાઈ ચંપકભાઈ ગામીત, ગામના તલાટી કમમંત્રી પ્રવીણભાઈ ચૌધરી, ગ્રામસેવકશ્રી પ્રતાપભાઈ, ગ્રામ પંચાયતના સભ્યશ્રી, તાલુકા પંચાયતનો સ્ટાફ અંકુરભાઈ રાઠોડ અમઈ, મુખ્ય સેવિકા પુષ્પાબેન આર. ચૌધરી, કાર્યેકર, તેડાગર તથા આરોગ્ય સ્ટાફ, તેમજ અન્ય વિભાગના અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નસુરા ગામ ખાતે પુરવઠા અધિકારી બારડોલીશ્રી રઘુવીરભાઈ, સરપંચશ્રી પુજાબેન જીતુભાઈ હળપતિ, ઉપસરપંચશ્રી સુધાબેન મોહનભાઈ મૈસુરીયા, ગામના તલાટી કમમંત્રી પ્રવીણભાઈ ચૌધરી, ગ્રામસેવકશ્રી પ્રતાપભાઈ, ગ્રામ પંચાયતના સભ્યશ્રી, તાલુકા પંચાયતનો સ્ટાફ અંકુરભાઈ રાઠોડ અમઈ, મુખ્ય સેવિકા પુષ્પાબેન આર. ચૌધરી, કાર્યેકર, તેડાગર તથા આરોગ્ય સ્ટાફ, તેમજ અન્ય વિભાગના અધિકારી, કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

### મહામંડલેશ્વર જગદીશજી મહારાજના સાનિધ્યમાં પત્રકાર સ્નેહ મિલન યોજાયું

# દાહોદ રામાનંદ પાર્ક ખાતે પત્રકાર ફાઉન્ડેશન દ્વારા પત્રકારોનું સ્નેહ મિલન રાખવામાં આવ્યું

### દાહોદ જિલ્લાના પત્રકારો મોટા પ્રમાણમાં હાજર રહી પત્રકાર એકતા ફાઉન્ડેશનના પ્રમુખ સુભાષ એલાણી પર વિશ્વાસ વ્યક્ત કર્યો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૮ ।



પત્રકાર એકતા ફાઉન્ડેશન પરિવાર દ્વારા દાહોદના રામાનંદ પાર્ક ખાતે મહામંડલેશ્વર પૂજ્ય જગદીશજી મહારાજના સાનિધ્યમાં દાહોદ જિલ્લાના પત્રકારોના સ્નેહમિલન સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદને દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ શોભાવ્યું હતું. તેમજ દાહોદ જિલ્લાના નવાજૂના તમામ પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકાર બંધુઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્નેહમિલન સમારોહના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જ્યારે ઉપસ્થિત પત્રકારોને પત્રકાર એકતા ફાઉન્ડેશન પરિવાર દ્વારા સન્માન પત્ર મહાનુભાવોના હસ્તે અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લાના પીઢ પત્રકાર ગોપાલભાઈ ધાનકા તેમજ વિનોદભાઈ પટેલે પત્રકારની વ્યાખ્યા, કામગીરી, ફરજો તેમજ અધિકારો બાબતે દ્રષ્ટાંત આપી વિસ્તૃત સમજ આપી તમામ પત્રકારોને એક છત તળે આવી એકતા બનાવી રાખવા હાકલ કરી હતી. તેમજ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ પત્રકારોને લોકશાહીની ચોથી જાગીર ગણાવી તે જાગીરને ખરા અર્થમાં સાબિત કરવા જણાવી તેઓએ પોતાનાથી બનતી ફરજ અને મર્યાદામાં આવતી તમામ મદદ કરવા જણાવ્યું હતું. જ્યારે જેના સાનિધ્યમાં પત્રકારોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. તેવા મહામંડલેશ્વર પૂજ્ય જગદીશજી મહારાજે પત્રકારોના આવા કોઈ પણ કાર્યક્રમોમાં રામાનંદ પાર્ક સહિતની જરૂરી મદદ કરવા ખાતરી આપી ઉપસ્થિત પત્રકારોને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત પત્રકારોનું પત્રકાર એકતા ફાઉન્ડેશન પરિવાર દ્વારા મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન પત્ર એનાયત કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અને સ્નેહ મિલન સમારોહના અંતમાં સૌ પત્રકાર મિત્રોએ એક સાથે ભોજન લીધું હતું. આ સ્નેહ મિલન સમારોહ વરસાદનું વિઘ્ન હોવા છતાં સફળતાપૂર્વક પાર પડ્યો હતો. અને આ કાર્યક્રમને સફળ બનાવવા પત્રકાર એકતા ફાઉન્ડેશનના પ્રમુખ સુભાષભાઈ એલાણી, નરેશભાઈ ચાવડા, અનવરભાઈ પઠાણ, પરેશભાઈ ચૌહાણ તેમજ પત્રકાર એકતા ફાઉન્ડેશન પરિવારના સભ્યોનો સિંહ ફાળો રહ્યો હતો.

## 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં જોડાઇ સરકારી યોજનાઓનો લાભ લેવા ડાંગ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો અનુરોધ

। ડાંગ, તા.૨૮ ।

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના 'રવિ કૃષિ મહોત્સવ' મા ડાંગ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોરે જિલ્લામા ચાલી રહેલ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં જોડાઈ સરકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

આ પ્રસંગે શ્રી આર.એમ. ડામોરે જણાવ્યુ હતુ કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ તા.૧૫મી નવેમ્બર : 'જનજાતીય ગૌરવ દિવસ'થી દેશ સમસ્તમાં, જનહિતલક્ષી યોજનાઓના લાભથી પાત્રતા ધરાવતો એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે જાગૃતિ કેળવવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામા આવ્યો છે. આ યાત્રાના માધ્યમથી છેવાડાના લોકો સુધી પહોંચી, સરકારી યોજનાઓની જાણકારી અને તેનો લાભ પુરો પાડવા માટે સરકાર સંકલ્પબદ્ધ હોવાની પ્રતીતિ સાથે, પ્રજાજનોને મળવાપાત્ર લાભો સહિત અનેક સેવાઓ ઘરઆંગણે પુરી પાડવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામા પણ ૨ રથ દ્વારા જિલ્લાની ૧૦૦ ગ્રામ પંચાયતોમા તબ્બકાવાર રથ પહોચી સરકારી યોજનાઓની માહિતી પહોચાડવાની સાથે સરકારી યોજનાઓનો લાભ લોકોને આપવામા આવી રહ્યો છે. ત્યારે આ રથ યાત્રામા જોડાવા તેમજ સરકારી કર્મચારીઓ દ્વારા પુરી પાડવામા આવતી માહિતી મેળવવા રથ કાર્યક્રમમા ભાગ લેવા ડાંગ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોરે અનુરોધ કર્યો હતો.

### વાપીમાં સફાઈની સાથે રસ્તાના સુશોભનની કામગીરી પણ હાથ ધરવામાં આવી

# વલસાડમાં સ્વચ્છતા અભિયાન જન આંદોલન બન્યુ, લોકો ઉત્સાહભેર સફાઈ અભિયાનમાં જોડાયા

### ધરમપુરમાં ભુગર્ભ ગટર યોજના ફેઝ-રના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે કરાયું

। વલસાડ, તા.૨૮ ।



સ્વચ્છતા હી સેવા અંતર્ગત વલસાડ નગર પાલિકા દ્વારા પાર્કિંગ પ્લોટ પાસેથી શહેરના પ્રવેશ દ્વારના મુખ્ય રસ્તાની સફાઈ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલે સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવા આહવાન કર્યુ હતું. પ્રાદેશિક કમિશ્નર કચેરીના ચીફ ઓફિસર કેતન વાનાણી, બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી સોનલબેન સોલંકી(જૈન) અને અખિલ હિન્દ મહિલા પરિષદના અધ્યક્ષ કિન્નરીબેન શ્રોફ તથા વિવિધ સંસ્થાઓ તેમજ શહેરના નાગરિકોએ પણ સ્વચ્છતાની પ્રવૃત્તિ હાથ ધરી હતી.

વાપી નગરપાલિકા દ્વારા હોટલ પેપીલોનથી PWD સુધી Dust Free Road ની કામગીરી કરવામાં આવી હતી, જેમાં ડિવાઈડર કલર, વોલ પેઈન્ટિંગ, ફૂલ છોડની માવજત, રોડ બૃશિંગથી સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પારડી નગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ બાગની સાફ સફાઈ કરવામાં આવી હતી. ઉમરગામ નગરપાલિકા દ્વારા ચીરાખાડીથી અક્રામારૂતિ સર્કલ સુધી તથા અક્રામારૂતિ સર્કલથી પાવર હાઉસ સુધીની સફાઈ કરવામાં આવી હતી. જેમાં પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, તમામ સદસ્યો, ચીફ ઓફીસર તથા નગરજનો જોડાયા હતા.

ધરમપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અંગેની જાગૃતિ માટે શપથ લઈ મુખ્ય રસ્તાની સામૂહિક સફાઈ તેમજ ધરમપુર નગરપાલિકાના બાકી રહેલા વિસ્તારમાં ભુગર્ભ ગટર યોજના ફેઝ-૨ના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે કરાયું હતું.

# બારડોલી તાલુકાના મસાડ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથનું ભવ્ય સ્વાગત

। બારડોલી, તા.૨૮ ।

ભારત સરકાર અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ ગામે ગામ સુધી પહોચે તેવા આશયથી સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ મસાડ ગામે આવી પહોંચ્યો હતો. આ સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ વિભાગોની યોજનાઓ જેવી કે પોષણ અભિયાન, કુપોષણ મુક્ત ભારત અને એનિમિયા,પી.એમ કિસાનવય યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના,અટલ પેન્શન યોજનાઓ બાબતે વિસ્તૃત માહિતી વિવિધ શાખાઓ દ્વારા પુરી પાડવામાં હતી.

# જિલ્લાના પાંચ તાલુકાઓમાં કૃષિ પ્રદર્શન સ્ટોલ અને પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની મુલાકાત કરાઈ

। નર્મદા, તા.૨૮ ।

રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત રવી કૃષિ મહોત્સવ-૨૦૨૩ ગતરોજ બહોળી સંખ્યામાં ખેડૂતોને કૃષિ પરિસંવાદમાં કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ અને પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતુ. નર્મદા જિલ્લાના પાંચ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ અંતર્ગત તા. ૨૫ નવેમ્બરના રોજ કૃષિ પ્રદર્શન સ્ટોલ અને પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની મુલાકાત કરાઈ હતી. નાંદોદના સરદાર ટાઉન હોલ રાજપીપળાને સમાંતર જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના ધામધ્રા, તિલકવાડા તાલુકાના કે.એમ.શાહ સાર્વજનિક હાઈસ્કુલ, દેડિયાપાડાના પ્રાથમિક શાળા રેલવાના મેદાન, સાગબારા તાલુકાના નાના ડોરઆંબા ખાતે સ્ટોલ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ મુલાકાત લીધી હતી.

જેમાં પ્રાકૃતિક અને પરંપરાગત કૃષિ (તૃણધાન્ય)ના ઉપયોગ, તેના પોષકગુણો, પાક ઉત્પાદન, જમીનની ગુણવત્તામાં વધારો, આવકમાં વધારો, ખર્ચમાં ઘટાડો જેવી બાબતોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, નાંદોદ તાલુકાના લાછરસ ગામે શ્રી દીપેન ભાઈ કાંતિભાઈ દેસાઈ, ગરુડેશ્વર તાલુકાના દેકાઈ ગામે શ્રી નામસરણભાઈ દયાલભાઈ તડવી, તિલકવાડા તાલુકાના ગોપાલભાઈ ગંભીર ભાઈ બારીયા, દેડિયાપાડા તાલુકાના રેલવા ભરાડા ગામે તુલસીભાઈ ગુલિયાભાઈ વસાવા, સાગાબારા તાલુકાના નાના કાકડીઆંબા ગામે શ્રી શંકરભાઈ વેચિયાભાઈ વસાવા પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત બહોળી સંખ્યામાં ખેડૂતોએ કરી જેમાં સ્થળ પર પ્રત્યક્ષ તાલુકાના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી જોઈને સ્થળ પર જ પ્રાકૃતિક ખેતી અંગેના ઘણા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ખેડૂતોએ પ્રતિજ્ઞા લીધી કે અમે પણ પ્રાકૃતિક ખેતી અપનાવશું. સાથે જિલ્લાના પશુપાલન વિભાગ દ્વારા પાંચે તાલુકાઓના ૭ ગામોમાં રસીકરણ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. આજે તમારી કલાત્મક તથા રચનાત્મક આવડત લોકોની સરાહના આકર્ષશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી કલાત્મક તથા રચનાત્મક આવડત લોકોની સરાહના આકર્ષશે તથા તમને અપેક્ષાથી વધારે વળતર અપાવશે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો? તમારા ભૂતકાળનું કોઈ રહસ્ય જાણીને તમારા જીવનસાથીને થોડીઘણી ઠેસ પહોંચી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો, પરંતુ કોઈ મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે આ યોજના સફળ નહીં થાય.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજમાં આવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બ્લ્ડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

## ન્યુઝ બોક્ષ

### ૧૧મા ધોરણમાં ભણતી છોકરી ગ્રાહકોને યૌન સુખ આપતી ઝડપાઈ

। મહારાષ્ટ, તા.૨૮ ।

મહારાષ્ટ્રના નાગપુરમાં બેલ્તારોડીમાં પતિ અને પત્નીનું સેક્સ રેકેટ ઝડપાયું છે. નાગપુર પોલીસની ક્રાઈમ બ્રાંચે બેલ્તારોડીના અથર્વનગરીના એક ફ્લેટમાં ચાલી રહેલા સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. અહીં ધોરણ ૧૧માં ભણતી એક છોકરીની તસ્કરી કરવામાં આવી રહી હતી. પોલીસે પતિ-પત્ની સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી અને છોકરીને બચાવી લીધી છે. પકડાયેલા આરોપીની ઓળખ મુકેશ ભગવાન બૈસવારે, શુભાંગી મુકેશ બૈસવારે અને વિશાખા દિલીપ મારબતે તરીકે થઈ છે. અથર્વ નગરી નંબર ૦૧ પર સેક્સ રેકેટ ચાલી રહ્યું હોવાની માહિતી મળી હતી. અહીં સગીર છોકરીઓને ગ્રાહકો સાથે શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કરવામાં આવતું હતું. આરોપી મુકેશ અને તેની પત્ની શુભાંગી બંને ગ્રાહકોની શોધ કરતાં હતા અને તેમને સગીર છોકરીઓ સાથે શારીરિક સંબંધો બાંધવાનું પ્રલોભન આપતાં હતા. તેઓ જાતે જ સોદો કરતાં હતા.

### કોચિંગ નગરી કોટામાં વધુ એક સ્ટુડન્ટનું મોત

। કોટા, તા.૨૮ ।

રાજસ્થાનનું કોટા શહેર ટ્યુશન અથવા કોચિંગના હબ તરીકે આખા ભારતમાં જાણીતું છે, પરંતુ ભારે પ્રેશરના કારણે કોટામાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું પ્રમાણ પણ જોવા મળે છે. અહીં દ્વઈઈ્ અને ્ાં એડમિશન માટે આખો દિવસ તૈયારી કરતા સ્ટુડન્ટ્સ ક્યારેય હાર માની બેસે છે અને જીવન ટૂંકાવી દે છે. ગઈકાલે પણ કોટામાં દ્વઈઈ્ની તૈયારી કરતા એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. ચાલુ વર્ષમાં કોટામાં આ ૨૫મી આત્મહત્યા છે. પોલીસે જણાવ્યા પ્રમાણે પશ્ચિમ બંગાળથી આવેલા ૨૦ વર્ષના એક યુવાને પોતાનું જીવન ટૂંકાવ્યું છે જે નીટની તૈયારી માટે કોટા આવ્યો હતો. તેના રૂમમાંથી કોઈ સુસાઈડ નોટ નથી મળી. સપ્ટેમ્બરમાં પણ યુપીની એક ૧૬ વર્ષીય યુવતીએ આત્મહત્યા કરી હતી જે અહીં દ્વઈઈ્ની એક્ઝામની તૈયારી કરવા આવી હતી. ઓગસ્ટ મહિનામાં કોટામાં ૬ કોચિંગ સ્ટુડન્ટે આત્મહત્યા કરી હતી. કોટામાં સ્ટુડન્ટની આત્મહત્યા પાછળનું કારણ ઘણી વખત વાલીઓ તરફથી પ્રેશર હોય છે જેઓ પોતાના સંતાનોને ગમે તેમ કરીને મેડિકલ અથવા પ્રીમિયમ એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન અપાવવા માગતા હોય છે. કોટામાં ગઈકાલે સુસાઈડ કરનાર બંગાળનો યુવાન આ વર્ષે જુલાઈમાં જ કોટા આવ્યો હતો. સોમવારે બપોર પછી તે પોતાના રૂમમાંથી બહાર નીકળ્યો ન હતો. સાંજે ૮ વાગ્યે તેના મિત્રો આવ્યા અને દરવાજો ખોલવા કહ્યું ત્યારે કોઈ જવાબ મળ્યો ન હતો.

### હવેથી UPI ટ્રાન્સફર માટે લાગશે ૪ કલાકનો સમય!

# ઓનલાઇન ફ્રોડને અટકાવવા સરકારની પૂર્વ તૈયારી

### બે યુઝર વચ્ચે ૨૦૦૦ રૂપિયાથી વધુના ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શનની સમય મર્યાદા નક્કી કરી શકાય છે



। નવી દિલ્હી, તા.૨૮ ।

જેમ જેમ લોકો ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરફ વધી રહ્યા છે, તેમ-તેમ ઓનલાઈન પેમેન્ટ ફ્રોડના કિસ્સાઓ પણ વધી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, સાયબર ક્રાઈમના કિસ્સાઓ વધી રહ્યા હોવાનું જણાય છે અને સરકાર એમ જ આરબીઆઈ તેમને નિયંત્રિત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. આ પહેલમાં સરકારે ઓનલાઈન પેમેન્ટની છેતરપિંડી રોકવા માટે બે વ્યક્તિઓ વચ્ચે પ્રથમ ટ્રાન્ઝેક્શન પ્રક્રિયા માટે કેટલાક નિયમો લાવવાનો નિર્ણય કર્યો છે. હા, છેતરપિંડીના મામલાઓને રોકવા માટે સરકાર દ્વારા કેટલાક નિયમો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ હેઠળ, જો પ્રથમ વખત બે લોકો વચ્ચે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થાય છે, તો આ પ્રક્રિયામાં ૪ કલાકનો સમય લાગશે, અને ન્યૂનતમ સમય મર્યાદા લાદવાની પણ યોજના છે. ચાલો તેના વિશે વિગતવાર જાણીએ.

સરકારી અધિકારીઓએ જણાવ્યું છે કે ઓનલાઈન પેમેન્ટ ફ્રોડની વધતી જતી ઘટનાઓને રોકવા માટે સરકાર બે વ્યક્તિઓ વચ્ચે પ્રથમ વખતના ટ્રાન્જેક્શનમાં કેટલાક ફેરફારો કરવા જઈ રહી છે. આ હેઠળ, ચોક્કસ રકમથી વધુના ટ્રાન્જેક્શન માટે લઘુત્તમ સમય મર્યાદા લાદવાની યોજના છે. ૨,૦૦૦ રૂપિયાથી વધુના ટ્રાન્જેક્શનમાં બે યુઝર્સ વચ્ચેના પ્રથમ ટ્રાન્ઝેક્શન માટે સંભવિત ૪-કલાકની વિન્ડો શામેલ થવાની સંભાવના છે.સરકાર આયોજન કરી રહી છે કે તેમની ૪-કલાકની પ્રક્રિયાના સમાવેશથી ડિજિટલ પેમેન્ટમાં થોડો વિક્ષેપ આવી શકે છે, પરંતુ તે સાયબર સુરક્ષાની ચિંતાઓને પણ ઘટાડી શકે છે. ઈન્સ્ટન્ટ પેમેન્ટ સર્વિસ (IMPS), યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) અને રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS) દ્વારા ચુકવણી કરવા માટે આ પદ્ધતિ અપનાવી શકાય છે.

હાલમાં, જો કોઈ યુઝર ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટે નવું UPI એકાઉન્ટ બનાવે છે, તો તે ૨૪ કલાકમાં મહત્તમ રૂ. ૫,૦૦૦ સુધીનું પહેલું ટ્રાન્ઝેક્શન કરી શકે છે. તેવી જ રીતે, તે નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (NEFT) માટે પણ છે, જો તમે પહેલીવાર એકાઉન્ટ બનાવો છો, તો તમે ૨૪ કલાકમાં ૫૦ હજાર રૂપિયા સુધીનું ટ્રાન્ઝેક્શન કરી શકો છો. આજે એટલે કે ૨૮ નવેમ્બર મંગળવારના રોજ કેન્દ્રીય નાણા મંત્રાલયની બેઠક મળશે. આ સમયગાળા દરમિયાન, કેન્દ્રીય નાણા મંત્રાલય તરફથી પ્રથમ ટ્રાન્ઝેક્શન ૪ કલાકના પ્રોસેસિંગ સમય સાથે ૨૦૦૦ રૂપિયા જેટલા ઓછા ખર્ચે UPI દ્વારા કરી શકાય છે. કેન્દ્રીય નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ ડિજિટલ પેમેન્ટ ફ્રોડ અને નાણાકીય ગુનાઓ અને સાયબર સુરક્ષા સામે લડવા માટે આ અભિગમો પર ચર્ચા કરવા માટે સરકારી અને ખાનગી હિતધારકો સાથે બેઠક કરશે.

### ગૂગલ ૧ ડિસેમ્બરે એક મોટું પગલું ભરવા જઈ રહ્યું છે

## ડિસેમ્બરથી ઇનએક્ટિવ રહેલા જીમેલ એકાઉન્ટ ડિલીટ થશે

। નવી દિલ્હી, તા.૨૮ ।

ગૂગલ ૧ ડિસેમ્બરે એક મોટું પગલું ભરવા જઈ રહ્યું છે. વાસ્તવમાં ગૂગલ ડિસેમ્બરથી ઈનએક્ટિવ રહેલા Gmail એકાઉન્ટને હંમેશા માટે ડિલીટ કરવા જઈ રહ્યું છે. જો તમારું પણ કોઈ એકાઉન્ટ ઈનએક્ટિવ છે અને તમારો ડેટા તેમાં છે તો તમારે તેનો ઝડપથી બેકઅપ લેવો જોઈએ.

જો તમે તમારા ઈનએક્ટિવ એકાઉન્ટનો બેકઅપ નહીં લો તો એક ડિસેમ્બરે આ એકાઉન્ટ સાથે તમારો ડેટા ડિલિટ કરી દેવામાં આવશે. ચાલો જાણીએ કે Google આવા ઈનએક્ટિવ એકાઉન્ટને કેમ ડિલિટ કરવા જઈ રહ્યું છે. ગૂગલ ૧ ડિસેમ્બરના રોજ એવા યુઝર્સના એકાઉન્ટ ડિલીટ કરવા જઈ રહ્યું છે જેમણે છેલ્લા ૨ વર્ષથી જીમેલ એકાઉન્ટનો ઉપયોગ નથી કર્યો.

જો તમે બે વર્ષથી કોઈ મેઈલ મોકલ્યો નથી કે મેળવ્યો નથી અથવા તમારા એકાઉન્ટમાં લોગ ઈન નથી કર્યું તો સમજી લો કે તમારું જીમેલ એકાઉન્ટ ૧ ડિસેમ્બરે ડિલીટ થઈ જશે. તમારા



Google એકાઉન્ટને ડિલિટ થતુ રોકવા માટે તમારે તેનો નિયમિત ઉપયોગ કરવો જોઈએ. જો તમે તમારા Google એકાઉન્ટમાં ઈમેઈલ મોકલો છો, ફોટા અથવા ડ્રાઈવ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરો છો અથવા કોઈપણ Google સેવાનો ઉપયોગ કરો છો તો તમારું એકાઉન્ટ લૉક કરવામાં આવશે નહીં. Google ની નવી નીતિમાં કેટલાક વિશિષ્ટ પ્રકારના એકાઉન્ટ્સ સામેલ કરવામાં આવ્યા નથી. આમાં શાળા અથવા વ્યવસાયિક વિશ્વના Google અને Gmail એકાઉન્ટનો સમાવેશ થાય છે. તેમાં Gmail, Drive, Docs, Me[a], Calendar અને Photos સામેલ છે. કંપનીનું કહેવું છે કે યુટ્યુબર અને બ્લોગર્સને આ યાદીમાંથી બહાર રાખવામાં આવ્યા છે.

### ત્રણ દેશોમાં અનુભવાયા ભૂકંપના આંચકા

## પાકિસ્તાન, ચીન અને પાપુઆ ન્યૂ ગિનીમાં લોકોમાં ફફડાટ

### નેપાળમાં તાજેતરમાં આવેલા ભૂકંપને કારણે લગભગ ૧૫૭ લોકોના મોત થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા

। નવી દિલ્હી, તા.૨૮ ।

આજે સવારે વિશ્વના ત્રણ દેશોમાં તીવ્ર ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેમાં પાપુઆ ન્યૂ ગીની, ચીન અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. યુએસ જિયોલોજિકલ સર્વેએ મંગળવારે (૨૮ નવેમ્બર) આ માહિતી આપી હતી. પાપુઆ ન્યૂ ગિનીના ઉત્તરી કિનારે ૬.૫ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. આ ભૂકંપ પેસિફિક ટાપુના પૂર્વ સેપિક પ્રાંતની રાજધાની વેવાક શહેરથી થોડે દૂર દરિયાકિનારે લગભગ ૨૦ કિલોમીટર દૂર અનુભવાયો હતો. આ સિવાય ભારતના બે પાડોશી દેશ પાકિસ્તાન અને ચીન પણ જોરદાર ભૂકંપથી હચમચી ગયા હતા. ચીનના જિજાંગમાં ૫.૦ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા, તો બીજી તરફ પાકિસ્તાનમાં લોકોએ ૪.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. હાલમાં ત્રણેય જગ્યાએથી કોઈ જાનહાનિના સમાચાર નથી. પાકિસ્તાનમાં સવારે ૩.૩૮ કલાકે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. બીજી તરફ ચીન અને પાપુઆ



ન્યુ ગીનીમાં અનુક્રમે સવારે ૦૩:૪૫ અને ૦૩:૧૬ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નોંધનીય છે કે તાજેતરના સમયમાં નેપાળ સહિત ભારતના પાડોશી દેશોમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. નેપાળમાં તાજેતરમાં આવેલા ભૂકંપને કારણે લગભગ ૧૫૭ લોકોના મોત થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા. દરમિયાન, ભારત સરકારે નેપાળને ઘણી મદદ કરી અને રાહત સામગ્રી મોકલી હતી. આ સિવાય મોટી સંખ્યામાં ગંભીર રીતે ઘાયલ લોકોને ભારતમાં સારવાર આપવામાં આવી હતી. આનો જવાબ જાણવા માટે સૌથી પહેલા તમારે પૃથ્વીની રચનાને સમજવી પડશે. આખી પૃથ્વી ૧૨ ટેક્ટોનિક પ્લેટો પર ટકેલી છે. લાવા આ ટેકટોનિક પ્લેટો હેઠળ રહેલો છે. આ લાવા પર આ ૧૨ પ્લેટો તરતી રહી છે.

### બાળકીઓનાં મૃતદેહ, કપાયેલા સ્તન

## ઈઝરાયેલમાં હેવાનિયતનો નજારો, દુષ્કર્મ કરીને ગોળી ધરબી દેતા નરાધમો

### કોઈ શંકા નહોતી કે કિશોરીઓ પર બળાત્કાર થયો છે, પરંતુ તે જાણી ન શકાયું કે તેણીનું મોત પહેલાં થયું હતું કે કેમ



। નવી દિલ્હી, તા.૨૮ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધની અનેક વરવી વાસ્તવિકતાઓ દરરોજ સામે આવી રહી છે. અસંખ્ય લોકો અત્યાર સુધીમાં જીવ ગુમાવી ચૂક્યા છે. હજુ પણ આ લડાઈ યથાવત છે. આ સ્થિતિ વચ્ચે ઈઝરાયેલી બાળકીઓની હ્રદય કંપ ાવનારી સ્થિતિ વિશે ખુલાસો થયો છે. હમાસે ઈઝરાયેલ પર થયેલા આતંકવાદી હુમલા બાદ સામાન્ય ઈઝરાયેલી લોકોની હત્યા કરવાની સાથે જીવિત અને મૃત બાળકીઓ અને મહિલાઓ સાથે બળાત્કાર જેવા અત્યાચાર પણ કર્યા હતા. તેથી હવે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાઈલ પર હમાસના હુમલા પછી બળાત્કારના કેસોના દસ્તાવેજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના માટે ફોરેન્સિક પુરાવા, વિડીયો અને સાક્ષીઓ અને શકમંદોના નિવેદનોની પૂછપ રછ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી પ્રત્યક્ષદર્શીઓએ કરેલા ખુલાસા માનવતા માટે શરમજનક છે. હમાસના આતંકવાદીઓએ પકડાયેલી મહિલાઓ અને બાળકીઓ પર નિર્દયતાથી બળાત્કાર ગુજારવાની સાથે તેમને ભયાનક શારીરિક હિંસાનો ભોગ પણ બનાવી હતી. કોઈની છાતી કાપી નાંખી તો અમુકને રેપ દરમિયાન જ ગોળી મારી દીધી. ઈઝરાયેલની યુવતીઓના શબ પર પડેલું તાજું સ્પર્મ હતું. ઈઝરાયેલના સ્પેશિયલ ૬૬૯ સ્પેશિયલ ટેક્ટિક રેસ્ક્યૂ યુનિટના એક પેરામેડિકે સીએનએનને જણાવ્યું હતું કે, તેણે ભૂતકાળમાં ઘણા પ્રકારની જાનહાનિની તપાસ કરી હતી. પરંતુ ૭ ઓક્ટોબરની હિંસા કલ્પના બહારની હતી. ફાઈટર પેરામેડિકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, કિબુત્ઝ બેરીમાં હમાસના નરસંહાર બાદ તે બચી ગયેલા લોકોની શોધમાં ઘરે-ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમને એક બેડરૂમમાં બે કિશોરીઓના મૃતદેહ મળ્યા હતા. પેરામેડિકના જણાવ્યા અનુસાર, "એકની લાશ પલંગ પર અને બીજી જમીન પર પડી હતી. તેમાં કોઈ શંકા નહોતી કે કિશોરીઓ પર બળાત્કાર થયો છે, પરંતુ તે જાણી ન શકાયું કે તેણીનું મોત પહેલાં થયું હતું કે કેમ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "તેનું પેન્ટ ઘૂંટણ સુધી ખુલ્લું હતું અને તેની ગરદન પાછળ માથા પાસે ગોળીના ઘા હતા. તેના માથાની આસપાસ લોહી હતું અને તેની પીઠના નીચેના ભાગ પર સ્પર્મ પડ્યું હતું. પલંગ પર પડેલી યુવતીના આખા શરીર પર ઈજાના નિશાન હતા અને તેની છાતીમાં ગોળી વાગી હતી. આ બંને છોકરીઓને તેમના પહોંચતા પહેલાં જ મારી નાંખવામાં આવી હશે અથવા પહેલાં હત્યા કરવામાં આવી હશે. કદાચ તેમના જ બેડરૂમમાં તેમની સાથે બળાત્કાર કરવામાં આવ્યો હશે. જોકે, આ બધું તપાસ પછી જ જાણી શકાશે.

## વિશેષ

### ડબલ એન્જિનની સરકારને કારણે ગુજરાત રાજ્યએ લોકોનો સર્વાંગી વિકાસ કર્યો છે : મંત્રી ડો ભાગવત કરાડ

# ઝઘડિયાના અવિધા ખાતે ભારત સરકારના નાણાં વિભાગના રાજ્યમંત્રી શ્રી ડો ભાગવત કરાડના અધ્યક્ષપદે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ









ભરૂચના ઝઘડિયા તાલુકાના અવિધા ગામની પ્રાથમિક શાળા ખાતે ભારત સરકારના નાણાં વિભાગના રાજ્ય મંત્રી ડૉ ભાગવત કરાડના અધ્યક્ષપદે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી.

અવિધા ગામની પ્રાથમિક શાળામાં ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં અધ્યક્ષપદેથી મંત્રી શ્રી ડૉ ભાગવત કરાડે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે વર્ષ ૨૦૧૪માં દેશના શાસનની નેતૃત્વ સંભાળતા જ ભારત દેશની વિકાસની વિભાવના જ બદલાઈ ગઈ છે. પહેલાં દેશની વિભાવના ગરીબીનો દેશ તરીકે કરવામાં આવતી હતી, અત્યારના સમયમાં વિકસિત રાષ્ટ્ર તરીકે વિભાવના કરવામાં આવે છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઉદ્દેશ્ય સમજાવતા મંત્રીશ્રી કહ્યું કે,કેન્દ્ર સરકારની ૨૯ જેટલી જનકલ્યાણની લગતી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.જેને જો સાચા અર્થમાં ગામજનો લાભ લે તો જીવન ધોરણમાં માતબર બદલાવ લાવવામાં ઉપયોગી બનશે.આથી મંત્રીશ્રીએ અવિધા ગામના લોકોને ઘરઆંગણે આવેલ યોજનાકીય લાભ લેવાના અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વને પ્રશંસા કરતા જણાવ્યું કે,ડબલ એન્જિનની સરકારમાં ગુજરાત રાજ્યે લોકોનો જીવનધોરણમાં સર્વાંગી વિકાસ કર્યો છે. તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે ભરૂચ જિલ્લાના સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ પણ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે,છેવાડાનો નાગરિક વિકાસથી વંચિત ન રહે તે માટે ભારત સરકારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી વિવિધ યોજનાઓના અમલીકરણ માટે ગામડાઓમાં અમલીકરણ અધિકારીઓ પહોંચ્યા છે.જેના લાભ લેવા ગ્રામજનોને પણ તેમને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રએ જિલ્લાની વિવિધ યોજનાઓ અંગે જાગૃતિ કેળવવા માટે પ્રદર્શન સ્ટોલનું મંત્રીશ્રી મુલાકાત લીધી હતી.વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. વધુમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં રથમાં સરકારશ્રીની યોજનાના દર્શાવતી ટુંકી ફિલ્મ પણ મહાનુભાવોએ નિહાળી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરાએ સ્વાગત પ્રવચનમાં મંત્રીશ્રીને જિલ્લામાં ચાલી રહેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાસદીયા,જિલ્લા અગ્રણી શ્રી મારુતિ સિંહ અટોદરિયા, ઝઘડિયાના ધારાસભ્ય શ્રી રિતેશ વસાવા,જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી આર જોષી,નિવાસી અધિક કલેકટર શ્રી એન આર ધાંધલ સહિત તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, ગામના સરપંચશ્રી તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**ન્યૂઝ બ્રિફ**

## સિંગતેલમાં ડબ્બાએ રૂ.૫૦નો વધારો થયો

। અમદાવાદ, તા.૨૮ ।

દિવાળી બાદ સીંગતેલના ભાવમાં થોડા ઘટાડા બાદ હવે અચાનક ફરી એકવાર ભાવ વધ્યા છે. વિગતો મુજબ રાજ્યમાં મગફળીનો પાક તૈયાર થવાની વચ્ચે સરકારે આશરે ૪૦ લાખ ટન પાકનો અંદાજ જાહેર કર્યો છે. આ તરફ હવે માવઠાના બહાના હેઠળ સૌરાષ્ટ્રની તેલ લોબીએ ફરી એકવાર એક જ દિવસમાં સીંગતેલના ભાવમાં ૧૫ કિલો ડબ્બાએ રૂ.૫૦ નો વધારો ઝીંકી દેતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ શકે છે. રાજ્યમાં દિવાળીના તહેવારો બાદ બજારમાં મગફળીની ધૂમ આવક સાથે અતિશય ઊંચા ભાવમાં આંશિક ઘટાડો થયા બાદ ૨૦ તારીખે સીંગતેલ રૂ.૨૬૩૫-૨૬૮૫ની નીચી સપાટીએ પહોંચ્યું હતું. જોકે મંગળવારથી શરૂ કરી ૨૬ તારીખ સુધીમાં મહત્તમ રૂ. ૨૭૩૫ સુધી ભાવ પહોંચ્યા હતા. આ તરફ એક જ દિવસમાં રૂ.૫૦ના વધારા સાથે હવે સીંગતેલનો ભાવ રૂ.૨૭૩૫-૨૭૮૫ પહોંચ્યો છે. આ તરફ અચાનક સિંગતેલના ભાવમાં ઉછાળો આવતા ગૃહિણીઓ ચિંતામાં મુકાઈ છે.

## વાઘોડિયાના જરોદ ગામમાં પાણીજન્ય રોગચાળો વકર્યો

। વડોદરા, તા.૨૮ ।

વડોદરા જિલ્લાના વાઘોડિયાના જરોદ ગામમાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે.સતત વધી રહેલા દર્દીને કારણે સ્થિતિ વિકટ બની છે.સ્થિતિ એટલી વિકટ છે કે હોસ્પિટલમાં દર્દીઓ માટે બેડ ખૂટી પડ્યાં છે.એક બેડમાં બે-બે દર્દીઓ સારવાર લેવા માટે મજબૂર બન્યાં છે. ૩૦ બેડ ધરાવતી હોસ્પિટલમાં ૬૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. રાજ્યમાં ભરશિળામાં કમોસમી વરસાદ વરસ્યો છે. જેના પગલે રોગચાળો વકર્યો છે. વડોદરા જિલ્લાના વાઘોડિયાના જરોદ ગામમાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે.સતત વધી રહેલા દર્દીને કારણે સ્થિતિ વિકટ બની છે.સ્થિતિ એટલી વિકટ છે કે હોસ્પિટલમાં દર્દીઓ માટે બેડ ખૂટી પડ્યાં છે.એક બેડમાં બે-બે દર્દીઓ સારવાર લેવા માટે મજબૂર બન્યાં છે.૩૦ બેડ ધરાવતી હોસ્પિટલમાં ૬૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે.એટલું જ નહીં દર્દીઓની સંખ્યા વધવાને કારણે કોવિડ વોર્ડમાં પણ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.

## સોનીની ચાલી પાસે એક્ટિવાની ડેકીમાંથી રૂપિયા ૧૪ લાખની ચોરી થઇ

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ શહેરમાં વધુ એક ચોરીનો બનાવ સામે આવ્યો છે. ઓઢવ સોનીની ચાલી પાસે બે ગઠિયાઓ નજર ચુકવીને એક્ટિવાની ડેકીમાંથી રૂપિયા ૧૪ લાખની ચોરી કરીને પલાયન થઈ ગયા છે. એક ગઠિયાએ એક્ટિવા લઈને ગોપીનાથ એસ્ટેટ પાસેથી પસાર થઈ રહેલ ફરિયાદીને મને પગે વાગેલ છે, તેમ કહીને વાતોમાં રાખ્યા હતા. જ્યારે બીજા ગઠિયાએ એક્ટિવામાંથી રૂપિયાની ઉઠાંતરી કરી છે. સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતાં પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. શહેરના નિકોલ વિસ્તારમાં રહેતા ભુપેન્દ્રભાઈ જોષી શિક્ષક તરીકે નોકરી કરે છે. જ્યારે તેમનો દીકરો મરીમસાલાની ટ્રેડીંગની ઓફિસ ધરાવે છે. ગઈકાલે સવારના દીકરાને રૂપિયાની જરૂર હોવાથી તેમની બહેન પાસે આંગડીયા પેઢી મારફતે રૂપિયા ૧૪ લાખ મંગાવ્યા હતાં. ફરિયાદી સાડા અગ્યાર વાગ્યાની આસપાસ બાપુનગર ખાતે આવેલ વી.પી.આંગડિયા પેઢીમાંથી રૂપિયા ૧૪ લાખ લઈને એક્ટિવાની ડેકીમાં મુકીને તેમના મિત્રના ઘરે આવેલ મંદીરમાં દર્શન કરવા માટે ગયા હતાં. બાદમાં બાપુનગરથી વિરાટનગર ચાર રસ્તા થઈને ઓઢવ તરફ જઈ રહ્યા હતાં, તે સમયે બારેક વાગ્યાની આસપાસ સોનીની ચાલી ગોપીનાથ એસ્ટેટની સામેના રોડ પર એક બાઈક ચાલક તેમની નજીક આવ્યો હતો અને હું હોર્ન મારું છું, તો તમે કેમ સાંભળતા નથી, મને પગે વાગેલ છે.




AMC ઓફિસ પર માલધારી સમાજ દ્વારા ગૌચર જમીન માટે અને ગાયને મુક્ત કરાવવા માટે કરેલ દેખો.

### તમામ હોસ્પિટલોને આપ્યો મહત્વનો આદેશ

# ચીનમાં ફેલાયેલ નવી બીમારીને લઈ ગુજરાત સરકાર સતર્ક

। અમદાવાદ, તા.૨૮ ।

ચીનના બાળકોમાં જોવા મળેલી શ્વાસની બિમારીને લઈ રાજ્ય સરકાર સતર્ક બની છે. વાત જાણે એમ છે કે, કેન્દ્રીયઆરોગ્ય મંત્રાલયની સુચના બાદ રાજ્ય સરકાર પણ હવે એક્શનમાં આવી છે. મહત્વનું છે કે, હાલ દેશમાં આ રોગથી કોઈ ખતરો નથી છતા તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. રાજ્ય સરકારે હોસ્પિટલમાં જરુરી બેડ, દવાઓ, સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા સુચના આપી છે. આ સાથે રાજ્યના તમામ ઓક્સિજન પ્લાન્ટની કાર્યક્ષમતા અંગેનો રિપોર્ટ આપવા જણાવાયું છે. ચીનના બાળકોમાં જોવા મળેલ શ્વાસની બિમારીને લઈ તાજેતરમાં જ કેન્દ્ર સરકારે સાવચેત રહેવા અને જરૂરી પગલાં લેવા કહ્યું હતું. આ દરમિયાન હવે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની સૂચના બાદ રાજ્ય સરકારે આદેશ આપ્યા છે. જેમાં જરૂરી બેડ, દવાઓ અને ઓક્સિજન સહિતની સામગ્રી તૈયાર રાખવા સૂચના અપાઈ છે.

આ સાથે રાજ્યના તમામ ઓક્સિજન પ્લાન્ટની કાર્યક્ષમતા અંગેનો રિપોર્ટ આપવા જણાવાયું તો તમામ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સહિતનું ઓડિટ કરવા આદેશ આપવામાં આવ્યો છે. પૂર્વ તૈયારીના ભાગરૂપે વેન્ટિલેટર, PPE કીટનો સ્ટોક ઉપલબ્ધ રાખવા સૂચના પણ અપાઈ છે.

### આદમખોર દીપડાનો ત્રાસ દિવસેને દિવસે સતત વધી રહ્યો છે

# જૂનાગઢમાં નાના બાળક પર ફરી દીપડાએ હુમલો કર્યો

### બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો જોકે ફળિયામાં જ માતાએ જોઈ જતા પુત્રને દીપડાથી બચાવ્યો હતો

। જૂનાગઢ, તા.૨૮ ।

જૂનાગઢ શહેરમાં આદમખોર દીપડાનો ત્રાસ દિવસેને દિવસે સતત વધી રહ્યો છે. જેને લઈ હવે વનવિભાગ પણ એક્શનમાં આવ્યું છે. આ દરમિયાન જુનાગઢમાં વધુ એક નાના બાળક પર દીપડાએ હુમલો કર્યાનું સામે આવ્યું છે. વિગતો મુજબ જુનાગઢમાં એક બાળક પર દીપડાએ અચાનક હુમલો કરી દીધો હતો. જોકે દીકરાની માતા આ ઘટના જોઈ જતાં બાળકને બચાવી સારવાર માટે રાજકોટ ખસેડ્યો હતો.

જુનાગઢ શહેરના કિરીટનગર દોલતપરા વિસ્તારમાં એક બાળક પર દીપડાએ હુમલો કર્યાનું સામે આવ્યું છે. વિગતો મુજબ આસિર નામના બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો. જોકે ફળિયામાં જ માતાએ જોઈ જતા પુત્રને દીપડાથી બચાવ્યો હતો. જે બાદમાં ઈજાગ્રસ્ત બાળકને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. મહત્વનું છે કે, દીપડાના હુમલાની ઘટનાને લઈ વનવિભાગ પણ એક્શનમાં આવ્યું છે અને દીપડાને પકડી લેવા પાંજરાઓ મૂકવામાં આવ્યા છે. મહત્વનું છે કે, જુનાગઢમાં આદમખોર દીપડાનો ત્રાસ સતત વધી રહ્યો છે. ૮ દિવસમાં દીપડાના હુમલાની ત્રીજી ઘટના છે. આ પહેલા ગિરનારમાં લીલી પરિક્રમા દરમિયાન બાળકી પર દીપડાએ હુમલો કર્યો હતો. જે હુમલામાં ૧૧ વર્ષીય પાયલ નામની બાળકીનું કમકમાટી ભર્યું મોત થયું હતું. આ ઘટના પરિક્રમાના રૂટમાં બોરદેવી નજીક બની હતી. નોંધનિય છે કે, દિવસને દિવસે વૃક્ષો અને જંગલોનું નાશ થઈ રહ્યું છે તેમ તેમ જંગલીય પ્રાણીઓ માનવ વસવાટમાં ઘૂસી રહ્યાં છે. જેને લઈ અવાર-નવાર સિંહ તેમજ દીપડાના હુમલાની ઘટના પણ સામે આવતી હોય છે.

**ભારે વાહનોની સૌથી વધુ પરવાનગી પૂર્વ વિસ્તારમાં**

## શિવરંજની ચાર રસ્તા પાસે બસ અને બાઇક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના શિવરંજનીમાં યુવતીનો ભોગ લેવાયા બાદ ટ્રાફિક વિભાગ જાગ્યું હોવાનું સામે આવ્યું છે. વિગતો મુજબ રવિવારે શિવરંજની ચાર રસ્તા પાસે બસ અને બાઈક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકસવાર યુવતીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ તરફ હવએ અમદાવાદ ટ્રાફિક વિભાગ હરકતમાં આવ્યું છે. જેને લઈ હવે શહેરમાં પરવાનગી વિના પ્રવેશ કરનાર ભારે વાહનો સામે કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં સવારે ૭થી ૧૧ કલાક સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ છે. જોકે શિવરંજની ચાર રસ્તા પાસે બસ અને બાઈક વચ્ચે ધડાકાભેર અકસ્માતમાં એક યુવતીના મોત બાદ હવે ટ્રાફિક વિભાગ હરકતમાં આવ્યું છે. અમદાવાદમાં ભારે વાહનોની સૌથી વધુ પરવાનગી પૂર્વ વિસ્તારમાં છે. આ સાથે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને GIDC હોવાથી પૂર્વ વિસ્તારમાં ભારે વાહનોની અવરજવર હોવાથી હવએ પરવાનગી વિના પ્રવેશતા ભારે વાહનોને ટ્રાફિક પોલીસ દંડશે. ભારે વાહનોના કેસમાં IPC કલમ ૧૮૮ અને GP એક્ટ ૧૩૧ મુજબ કાર્યવાહી કરાશે.







ઓમકાર સિંહ ચૌહાણ સંતરામપુર, તા.૨૮

મહીસાગર જીલ્લાના બાલાસિનોર ખાતે બાલાસિનોર વિધાનસભામા ભારતીય જનતા પાર્ટીનું નુતન વર્ષ સ્નેહમિલન યોજાયું. જેમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયાજી, મહિસાગર જિલ્લા પ્રભારી મંત્રીશ્રી માનનીય બચુભાઈ ખાબડજી, માનનીય,જિલ્લા સંગઠન પ્રભારી શ્રી કનુભાઈ પટેલજી, કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબ મહીસાગર જિલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારીયાજી, પંચમહાલ લોકસભાના સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, સાહેબની પ્રેરક ઉપસ્થિતિમા નવા વર્ષે સ્નેહ મિલન સન્માન સમારંભ યોજાયો. સાથે નવા વર્ષની સૌને શુભકામનાઓ પાઠવી.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, બાલાસિનોરના ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય શ્રી પપ્પુભાઈ પાઠક અને કાળુભાઈ માલીવાડ, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી પિનાકીન શુક્લા, તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, શક્તિ કેન્દ્રના સંયોજક મિત્રો શક્તિ કેન્દ્ર પ્રભારીશ્રીઓ, સરપંચશ્રીઓ, બુથ પ્રમુખશ્રીઓ પેજ કમિટીના સભ્યશ્રીઓ તથા સમસ્ત વિધાનસભા વિસ્તારમાંથી સિનિયર કાર્યકર્તા ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબીમાં યુવકને માર મારવાના કેસમાં વધુ ત્રણ આરોપી ઝડપાયા

। મોરબી, તા.૨૮ ।

અગાઉ વિભુતી પટેલ, ઓમ પટેલ, રાજ પટેલ સહિત ૩ આરોપી પોલીસ સમક્ષ હાજર થયા હતા. જેથી પોલીસે તેમની અટકાયત કરી હતી.અત્યાર સુધી કુલ સાત આરોપી પોલીસ પકડમાં આવી ગયા છે. રાણીબા ઈન્ડસ્ટ્રીઝના સંચાલિકા વિભૂતિ પટેલનું રાજકીય કનેક્શન હોવાની પણ ચર્ચાઓ ઉઠી હતી. ત્યારે હવે આરોપીઓ પોલીસ સમક્ષ હાજર થતા તેઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

મોરબીમાં અનુસૂચિત જાતિના યુવકને માર મારવાના કેસમાં વધુ ત્રણ આરોપીની અટકાયત કરવામાં આવી છે. ફરાર ત્રણ



આરોપી પ્રિત, ક્રિશ અને પરીક્ષિત નામના આરોપીની પોલીસે અટકાયત કરી છે. આપને જણાવી દઈએ કે અગાઉ વિભુતી પટેલ, ઓમ પટેલ, રાજ પટેલ સહિત ૩ આરોપી પોલીસ સમક્ષ હાજર થયા હતા. જેથી પોલીસે તેમની અટકાયત કરી હતી.અત્યાર સુધી કુલ સાત આરોપી પોલીસ પકડમાં આવી ગયા છે.મહત્વનું છે કે દલિત યુવક નિલેશ દલસાણીયા રાણીબા ઈન્ડસ્ટ્રીઝના એક્સપોર્ટ વિભાગમાં કામ કરતો હતો. કંપની સંચાલકો પાસે ૧૬ દિવસનો બાકી પગાર માગ્યો હતો. આરોપ છે કે પગાર માગવાની સાથે જ સંચાલકોએ દલિત યુવકને બોલાવીને ઢોર માર માર્યો હતો. જાતિ વિરુદ્ધ આપત્તિજનક ટિપ્પણી કરાઈ અને તેને મોઢામાં પગરખાં પણ પકડવા મજબૂર કરાયો હતો. જેનો તેમની સામે આરોપ છે. તે રાણીબા ઈન્ડસ્ટ્રીઝના સંચાલિકા વિભૂતિ પટેલનું રાજકીય કનેક્શન હોવાની પણ ચર્ચાઓ ઉઠી હતી.

## છોટા ઉદેપુરમાં કમોસમી વરસાદના કારણે અનેક પાકોને નુકસાન

। છોટા-ઉદેપુર, તા.૨૮ ।

રાજ્યમાં પડેલો કમોસમી વરસાદ ખેડૂતો પર કહેર બનીને પડ્યો હતો, ખેડૂતોએ વાવેલા પાકની સાથે તૈયાર થઈ ગયેલા પાકને પણ નુકસાન થયું છે. ત્યારે છોટા ઉદેપુરમાં પણ કપાસ, તુવેર, મકાઈ સહિતના પાકોને નુકસાન થયું છે. ત્યારે સરકાર સર્વે કરીને જલ્દી સહાય ચુકવે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે. છોટા-ઉદેપુરમાં માવઠાએ ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. કપાસ, તુવેર અને મકાઈ સહિતના પાક ધોવાઈ ગયા છે. તો ખેતરમાં લણીને રાખેલી ડાંગર પાણીમાં તરબોળ થતા ખેડૂતો માટે તે હવે નકામી બની છે. આવી પલળી ગયેલી ડાંગર પશુઓને ખાવામાં પણ ઉપયોગી કરી શકાતો નથી.

## સુરતમાં ૫૩ હજારની લેતીદેતીમાં કારખાનાના માલિકે કારીગરનું અપહરણ કર્યું

। સુરત, તા.૨૮ ।

સુરતમાં ૫૩ હજારની લેતીદેતીમાં કારખાનાના માલિકે કરિગરનું ફિલ્મી ઢબે અપહરણ કર્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરત પોલીસે મુંબઈના પાલઘર ખાતેથી કારીગરોને મુક્ત કરાવ્યો છે. સુરતમાં રેઈનકોટની ફેટકરીમાં સિલાઈ મશીનના કારીગરનું તેના પુર્વ મલિક દ્વારા નાણાની લેતીદેતી મામલે કેટલાક સાગરીતો દ્વારા ફિલ્મી ઢબે સુરત રેલવે સ્ટેશન પાસેથી અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણકારોએ અપહતને છોડવાના બદલામાં તેના ભાઈ પાસે ૫૩ હજારની માંગણી કરી હતી.યુવકે પોલીસની મદદ લેતા પોલીસે ગણતરીના કલાકોમાં મુંબઈના પાલઘર ખાતે આવેલ આરોપીની ફેકટરીમાંથી મુખ્ય આરોપી સહિત બે લોકોને ઝડપી પાડી કારીગરને સહી સલામત મુક્ત કરાવ્યો હતો. ખટોદરા હેલ્થ સેન્ટરની સામે રણછોડનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ રેઈનકોટ બનાવવાની ફેકટરીમાં કામ કરતા મોહમદ દુલારે મોહમદ બસીર અન્સારી (ઉ.વ.૨૪) એ તેની ફેકટરીમાં સિલાઈ મશીનના કારીગરની જરૂર હોવાથી તેઓ દિવાળીમાં વતન બિહાર ગયો હતો અને ત્યાંથી તેના પિતરાઈ ભાઈ ઓઝેર ઝનીફ અન્સારી, નઈમ અન્સારી સહિત પાંચ કારીગરોને લઈને સુરત આવ્યો હતો. રાત્રીના સાડા આઠેક વાગ્યાના આરસામાં તેઓ સુરત રેલવે સ્ટેશનની બહાર ઉભા હતા. તે વખતે કારમાં આવેલ સારીક જુનૈદ અન્સારી સહિત ત્રણ જણા તેમની પાસે આવી ઓઝેર અન્સારી પાસે રૂપિયા ૫૩ હજરની ઉઘરાણી કરી મારમારી કારમાં અપહરણ કરી લઈ ગયા હતા.

# છોટા ઉદેપુરમાં ૧૮ કરોડનું કૌભાંડ આચરનાર પૂર્વ IASની ધરપકડ

। છોટા ઉદેપુર, તા.૨૮ ।

ગુજરાતમાં બોગસ સિંચાઈ ઓફિસમાં કરોડો રુપિયાના કૌભાંડનો મામલે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ આ કેસમાં હવે પૂર્વ IAS અધિકારી બીડી નીનામાની ધરપકડ કરવામાં આવી છે. નોંધનિય છે કે, છોટાઉદેપુરમાં કાગળ ઉપર આખે આખી ખોટી સરકારી કચેરી જ ઉભી કરીને કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો ખુલાસો થતા ખળભળાટ મચી ગયો હતી. જે બાદમાં પોલીસે ૨ આરોપીની ધરપકડ કરી તપાસ શરૂ કરી હતી. દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લામાં બોગસ સિંચાઈ ઓફિસ ઉભી કરી કરોડો રુપિયાના કૌભાંડ મામલે દાહોદ પોલીસે પૂર્વ આઈએએસ અધિકારીની ધરપકડ કરી છે.

આ કેસમાં તપાસ દરમિયાન દાહોદ પોલીસ દ્વારા પૂર્વ IAS અધિકારી બીડી નીનામાની ધરપકડ કરવામાં આવી છે. નોંધનિય છે કે, ૨૦૧૯માં બીડી નિનામા પ્રયોજન ઓફિસર હતા. દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લામાં બોગસ સિંચાઈ ઓફિસ ઉભી કરાયા બાદ બોગસ સિંચાઈ ઓફિસમાં કરોડો રુપિયાનું ચુકવવામાં આવ્યા હતા. તાજેતરમાં જ છોટા ઉદેપુર જિલ્લામાં બોગસ સિંચાઈ ઓફિસનો પર્દાફાશ થયો હતો. આ તરફ દાહોદ જિલ્લામાં બોગસ ઓફિસ ઉભા કરીને ૧૮ કરોડનું કૌભાડ આચર્યું હોવાનુ સામે આવી ચૂક્યું છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં સંદીપ રાજપૂત નામના ભેજાબાજે કાર્યપાલક ઈજનેર સિંચાઈ પ્રોજેક્ટ બોડેલી નામની બોગસ ડોક્યુમેન્ટથી એક ખોટી સરકારી કચેરી બનાવી દીધી હતી. જે બાદ તેણે ૨૦૨૧થી સરકારને ચૂનો લગાવવાનું શરૂ કર્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨